**अज्झप्पजोगजुत्तेहिं भव्वेहिं सयावि सावयजणेहिं।**
**कायव्वा जिणपूया भावप्पसू दव्वगुणजुत्ता॥२॥**

અધ્યાત્મયોગયુક્ત ભવ્ય શ્રાવકલોકોએ ભાવ ઉત્પન્ન કરનાર સારભૂત અને ગુણથી યુક્ત પૂજા કરવી જોઇએ. (૨)

**पुज्जाणं जा पूया सा पूया अप्पसुद्धिणो हेऊ।**
**अप्पपरम[प्प]रूवप्पगडणसंसाहिणी भणिया॥३॥**

પૂજ્યોની પૂજા આત્મશુદ્ધિનું કારણ છે. તે આત્માના પરમાત્મસ્વરૂપને પ્રગટ કરનારી છે. (૩)

**तत्थ य सुहरुइ भूमी पहुगुणसलिलं खु तत्थ[2] दंतवणं।**
**जा तज्जोगऽपमत्ता सा णेया दंतवणसुद्धी॥४॥**

તેમાં શુભરુચિ એ ભૂમિ છે, પ્રભુના ગુણરૂપી પાણી દાતણ દાંત સાફ કરવાની ક્રિયા છે, યોગમાં અપ્રમત્તતા, દાંતની શુદ્ધિ (જાણવી). (૪)

**मिच्छत्तमलिणभावावणयण न्हाणं अपच्छि तणुलूहणं।**
**धिइतोसधवलवत्थे कम्मट्ठगत्थगणं मुहकोसो॥५॥**

મિથ્યાત્વરૂપી મલિન ભાવ દૂર કરવો તે સ્નાન છે અને પછી શરીર લૂંછવું. ધીરજ અને સંતોષ બે ધોળાં વસ્ત્રો છે, આઠ કર્મને ઢાંકવા તે મુખકોષ છે. (૫)

**एकग्गचित्तभावो उवलो सद्धा य चंदणुल्लेवो।**
**सुहझाणरंगजुत्तो पवयणभत्ती परमपत्तं॥६॥**

ચિત્તનો એકાગ્ર ભાવ ઓરસીયો છે. શ્રદ્ધા, શુભ ધ્યાનરૂપી રંગથી યુક્ત ચંદનનો ઉપલેપ છે. (અને) પ્રવચનભક્તિ ઉત્તમ વાટકી છે. (૬)

**पणववहार पणंगि पवयणजुत्तं विसे भाले।**
**अ(ब)ज्झविभावहरणं निम्मल्लुत्तारणं णेयं॥७॥**

---

૧. આ કૃતિના ભાવાર્થમાં સંદિગ્ધ સ્થળોએ પ્રશ્ન ચિહ્ન (?) મૂક્યું છે તેથી અન્ય વિદ્વાનો ભૂલ જણાય તો સુધારી શકશે.

૨. सुत्तत्थ इति मुद्रितः पाठः।

પાંચ વ્યવહાર અને પંચાગી પ્રવચન તે કપાળને શોભાવતું તિલક છે. તે (પ્રભુના શરીર પરથી) નિર્માલ્યો ઉતારવા એટલે આત્માના વિભાવને દૂર કરવા. (૭)

**भूसणमुज्झणमुवहिभावच्चयणं च अंगसब्भावो।**
**भूसणपरिहावणयं अज्झप्पसहावणुब्भावो॥८॥**

ભગવાનના શરીર પરથી ઘરેણાં ઉતારવા તે આત્માના ઉપાધિરૂપ બાહ્ય ભાવોનો ત્યાગ છે. (ધર્મના બે અંગલૂછણાં દ્વારા) અંગ એટલે સ્વભાવ આત્માના સ્વભાવ રૂપ અંગ તે સ્વચ્છ કરવું[1] ભગવાનને આભૂષણ પહેરાવવા તે આત્માના સ્વભાવનો અનુભવ કરવો. (૮)

**विसयकसायग्गिसमो चंदणलेवो नियाणनिज्जवणं।**
**जीवाइनवपयत्थतत्तं नवबंभसुद्धी वा॥९॥**

ચંદનનો લેપ એટલે વિષય અને કષાયરૂપી અગ્નિની શાંતિ. નવ નિદાનનો ત્યાગ, જીવ વગેરે નવ પદાર્થો[2] અથવા નવ બ્રહ્મચર્ય વાડની શુદ્ધિ તે પ્રભુના નવ અંગ જાણવાં (૯)

**पंचाचारविसुद्धी पणलक्खण भूसणाइ सम्मस्स।**
**पुप्फोवयारकरणं तं पुण मालावरोह(व)णयं॥१०॥**

પાંચ આચારની શુદ્ધિ અથવા સમકિતના પાંચ લક્ષણો અને સમકિતના પાંચ ભૂષણો પુષ્પોપચાર છે. એટલે કે માળા બનાવીને પહેરાવવી.[3] (૧૦)

**तत्तनयमाणचिंताघयपुण्णो नाणदीवओ जलिओ।**
**तण्णिट्ठा य सरावं सुहकिरिया धूवपरिवाडी॥११॥**

તત્ત્વ, નય અને પ્રમાણ દ્વારા તત્ત્વની વિચારણારૂપ ઘીથી ભરેલો જ્ઞાનરૂપ દીવો પેટાવવો. તત્ત્વનો અર્થ એ કોડિયું સમજવું અને શુભક્રિયા રૂપ ધૂપની પરિપાટી રચવી (૧૧)

**धम्मज्झाणग्गिजुया गयदूसणता णवंगअणुभासो।**
**विहिकरणाइसुवासो परिमलपब्भारमुहि(द्दि)ट्ठो॥१२॥**

ધર્મધ્યાનરૂપી અગ્નિ યુક્ત નિર્દોષતા, નવ અંગોનો અનુભાસ (?) સમજવો. વિધિપૂર્વક ક્રિયા રૂપ સુવાસ-(વાસક્ષેપ) અથવા તેના સુગંધી પરિમલનો ઉછાળો સમજવો.[4] (૧૨)

**सुक्कज्झाणालंबण चामरसेढी य छत्तसुक्कप्पा।**
**अडमयठाणोज्झावणमडमंगलठावणं पुरओ॥१३॥**

શુક્લ ધ્યાનના રૂપ આલંબન સ્વરૂપ ચામરની શ્રેણી રચવી અથવા શુક્લ ધ્યાન રૂપ છત્રો ધરવાં. આઠ મદસ્થાનોના ત્યાગ કરવા તે પ્રભુની આગળ આઠ મંગળનું આલેખન છે. (૧૩)

---

૧. આ અર્થ ઉપા.મ.ના. સ્તવનથી સ્પષ્ટ થાય છે
૨. આ અર્થ સ્તવનમાં નથી
૩. આ અર્થ સ્તવનમાં નથી
૪. આ અર્થ સ્તવનમાં નથી

**नाणायाराइ तंदुललिहणमगिद्धित्तिसारमारत्ती।**
**लवणोत्तारण कित्तिमधम्मच्चयणं विणिद्दिट्ठं॥१४॥**

જ્ઞાનાચારાદિ ચોખાનો આલેખ કરવો[૧] અગૃદ્ધિ ત્રિકસાર રૂપ આરતી (?) (ઉતારવી)[૨] કૃત્રિમ ધર્મોના ત્યાગ કરવા રૂપી લૂણ ઉત્તારણ બતાવ્યું છે. (૧૪)

**अविहिअहम्मपरूवणजणिया जासाणापरिच्चाओ।**
**आरत्तियउत्तारो दुगवेलं सड्ढमित्थ तुरो॥१५॥**

અવિધિ અને અધર્મની પ્રરૂપણાથી જે આશાતના થઇ હોય તેનો ત્યાગ કરવો. બે વખત આરતી ઉતારવી. અહીં શ્રદ્ધા વાજિંત્ર સમજવા (૧૫)

**कुनरकुदेवदुहत्तं दुहदुग्गमणपुव्वुत्तं।**
**अहवा अड्ढाइज्जे दीवम्मि तत्थइक्कारा॥१६॥**

કુનર, કુદેવ, દુર્ભગત્વ, દુઃખ, દુર્ગતિ અને દુર્ગમન-દુર્વર્તન જે પ્રથમ કહેવામાં આવ્યું છે. (?) અથવા અઢી દ્વીપમાં તે થેઇકાર સમજવો[૩] (?) (૧૬)

**जो सुद्धधम्मपयडणुब्भावण परभा(मा) य गुणसमिद्धा य।**
**मंगलपईवसेणी कायव्वा दुहतमोहोई(हरणी)॥१७॥**

શુદ્ધ ધર્મનો પ્રભાવ પ્રકટ કરવામાં શ્રેષ્ઠ અને સમૃદ્ધિ ખીલવવી તે રૂપી મંગળ દીવાઓની દુઃખ અને અંધકાર-અજ્ઞાન-નો નાશ કરનારી-શ્રેણી કરવી. (૧૭)

**नीरयनिम्मलसीयलसुब्भि(सुरहि)गंधा सुहा य इच्चाइ।**
**तियकरणावंचणया बोहिफलमपुणबंधत्तं॥१८॥**

રજ અને મેલ રહિત થવા રૂપ, શિયળ રૂપ સુગંધ અને સુખકર, ત્રણ કરણની અવક્રતા (રૂપ પૂજા છે તેથી) સમકિત અને અપુનર્બંધત્વરૂપી ફળ (મળે છે.) (૧૮)

**अणुभवरससंपुण्णा पुग्गलदव्वाण जा अणासंसा।**
**इच्चाइ भावजणिया अडप्पयारी भवे पूया॥१९॥**

આત્માના અનુભવરસથી ભરેલી પુદ્ગલ દ્રવ્યોની અનાશંસા(તે પણ) અષ્ટપ્રકારી પૂજા છે ઇત્યાદિ ભાવોને ઉત્પન્ન કરનારી થાય છે. (૧૯)

**अडमयठाणवज्जणारूवा।**
**दुट्ठट्ठकम्ममहणट्ठमयाए अडमंगलालिहयणं॥२०॥**

---

૧. આ અર્થ સ્તવનમાં નથી

૨. અહીં સ્તવનમાં મનની નિશ્ચલતાને નૈવેદ્યપૂજા જણાવી છે તે પૂજા ચતુર્વિંશતિકામાં નથી. સ્તવનમાં શ્રદ્ધા માટે અનાહત નાદ શબ્દ છે. તેમ જ શમરતિ રૂપ તાલ પણ પૂજા ચતુર્વિંશતિકામાં જોવા મળતો નથી. ત્યાર પછી સત્યનો ઘંટ વગાડવો તે પણ મૂળમાં નથી. તે પછીની ગાથાઓના અર્થ પણ સ્તવનમાં ઉતાર્યા નથી.

૩. સ્તવનમાં સ્મૃતિ ને થેઇકાર જણાવ્યો છે.

પૂજા અષ્ટાંગયોગ સાધન કરાવનારી આઠ મદસ્થાનોને ત્યાગ કરાવનારી છે, દુષ્ટ આઠ કર્મનો નાશ કરવા માટે આઠ મંગલોનું આલેખન કરવાનું છે. (૨૦)

**पूया समाहिजणणी अप्पपरविवेयणी य दुहमहणी।**
**दुट्ठट्ठकम्ममहणी निट्ठवणी सच्चवायाणं॥२१॥**

પૂજા સમાધિ કરનારી છે, આત્મા અને પરનો વિવેક કરાવનારી અને દુઃખનો નાશ કરનારી છે. (પૂજા) દુષ્ટ આઠ કર્મોનો નાશ કરનારી અને સત્યવાદોને સંપૂર્ણ કરનારી છે. (૨૧)

**कारुण्णसमुब्भवणी सब्भावणभाविणी पुमत्थस्स।**
**वोदाणमणिण्हयस्सऽप्पभावसामत्थसुद्धिकरी॥२२॥**

પૂજા, કરુણા ઉત્પન્ન કરનારી છે, પુરૂષાર્થની ઉત્તમ ભાવના ઉત્પન્ન કરનારી છે, અનિહ્નવભાવ પ્રકટ કરનાર(?) પ્રભાવ અને સામર્થ્યની શુદ્ધિ કરનારી છે. (૨૨)

**निच्चं जईणमेसा भावविसेसेहिं जाव सेलेसी।**
**सड्ढाणं पुण महग्घदव्वेहिं हवइ भावजुया॥२३॥**

યતિઓને ભાવવિશેષને કારણે શૈલેશીકરણ સુધી આ પૂજા હંમેશ હોય છે. અને શ્રાવકોએ તો મહાકિંમતી દ્રવ્યો લઇને ભાવપૂર્વક કરવાની હોય છે. (૨૩)

**पूया परमसहावा भुवणपडाया समत्थवित्थारा।**
**उज्जोयपवणलुलिया जयओ(उ) चिरं भावणाकलसे॥२४॥**

ઉત્તમ સ્વભાવવાળી અને દરેક પ્રકારના વિસ્તારવાળી આ જિનપૂજન (શાસનના) ઉદ્યોત રૂપો પવનથી ફરકતી ત્રણ ભવનમાં ધ્વજ સમાન છે. ભાવના રૂપ કળશ ઉપર તે હંમેશા જયવંત વર્તો. (૨૪)

**पुव्वाओ उद्धरिया चउविसी सिद्धिसेणसूरीण।**
**बीयाबीयप्पभावा दंसणकप्पदुमस्सेसा॥२५॥**

શ્રી સિદ્ધસેન સૂરિએ આ પૂજા ચોવીસીનો પૂર્વમાંથી ઉદ્ધાર કર્યો છે. આ અદ્વિતીય પ્રભાવ ધરાવનારી પૂજા ચોવીસી સમ્યકત્વ રૂપી કલ્પવૃક્ષનું બીજ છે. (૨૫)

## ॥श्री शामला पार्श्वनाथ स्तवन॥

**(शालिभद्र भोगी होई रह्यो ए देशी)**

**पूजा विधि माहे भाविइं(ये)जी अंतरंग जे भाव,**
**ते सवि तुज आगळ कहुं जी साहेब सरल स्वभाव॥**

**सुहंकर अवधारो प्रभु पास** (ए टेक) ॥१॥

**टबार्थ -** श्री वीतरागाय नमो नमः। अथ पार्श्वनाथनुं स्तवन भावपूजा रहस्य। सुख = कल्याणना कारक प्रभु श्रीपार्श्वनाथ तारी पूजाविधिमां अंतरंग भाव[ना] जे भाववानी छे ते सर्व ताहरि आगल हूं स्तवना करूं छूं। हे! सरल स्वभावना साहेब नाथ ताहरि आगल कहुं छुं हे! सुखना करणहार! ते अवधारो ध्यानमां लो हे! पार्श्वनाथ प्रभु! ॥१॥

**दातण करतां भाविये जी प्रभुगुणजल मुख शुद्ध।**
**उल उतारी प्रमत्तता जी हो मुज निर्मल बुद्ध॥२॥ सुहंकर०**

**टबार्थ -** दातण करतां एहवी रीते भावना भाववी के प्रभुना गुणरूपी पांणीथी मारा मुखनी सुधि थाइ छे, अने प्रमाद रूपी उल हूं माहरि उतारि उतारी नाखुं छउं, माटे माहरि बूधि निर्मल थाजो॥२॥

**जतनाई(ये) स्नान करिजीइं जी, काढो मेल मिथ्यात।**
**अंगुछो अंग शोषवी जी, जाणु हूं अवदात॥३॥ सुहंकर०**

**टबार्थ -** जयणापूर्वक स्नान मंजन करीने, मिथ्यात्वरुपी मेलने काढो। अने अंगुछो टुवालथी प्रभु प्रेमरूप अंग सुकावी साफ करो एने हूं सिद्धि गणुं छुं॥३॥

**क्षीरोदकनां धोतीयांजी, चिंतवो चित्त संतोष।**
**अष्ट कर्म संवर भलो जी आठ पडो मुखकोष॥४॥ सुहंकर०**

**टबार्थ -** धोतियां धोला क्षीरोदकना पेहरतां चितने विषे संतोषनी भावना करो। अने आठ पडवालो मुखकोश राखतां मनमां एम विचारो के-जेथी हूं आठ कर्मनो रुंधन करनार संवरपणुं ग्रहण करुं छउं॥४॥

**ओरसियो एकाग्रताजी केसर भक्ति कल्लोल।**
**श्रद्धा चंदन चिंतवोजी, ध्यान घोल रंगरोल॥५॥ सुहंकर०**

**टबार्थ -** ओरसियो ते एकाग्रतारूप छे, अने ते उपरे घसवानुं केसर ते भक्तिनो कल्लोल=लीनता छे। अने चंदन ते शुद्ध श्रद्धा छे। अने घसवानुं घोल ते ध्यान छे जेथी उत्तम रंग निपजे छे॥५॥

**भाल वहुं आणा भली जी, तिलक तणो ते भाव।**
**जे आभरण उतारिये जी ते उतारो परभाव॥६॥ सुहंकर०**

**टबार्थ -** तिलक [क]रती वखते एहवी भावना करवानी छे के-हे! प्रभु! हूं आपनी आज्ञा मस्तके चडावुं छउं। सिरसावर्त्त करुं छुं अने आभरण घरेणा उतारता एम भाववानुं छे के-हुं परभाव सर्वे छोडि देउं छुं, स्वभावने ग्रहण करूं छुं ॥६॥

**जे निर्माल्य उतारीये जी ते तो चित्त उपाधि।**
**पखाल करतां चिंतवोजी, निर्मल चित्त समाधि॥७॥ सुहंकर०**

**टबार्थ -** जे निर्माल्य फुलप्रमुख उतारिये ते चित्तनी उपाधि टालवी। भगवंतनो पखाल करतां एम भाववो-जे माहरा आत्मनी निर्मल समाधि थइ॥७॥

**अंगलूहणां बे धर्मनां जी आत्म स्वभाव जे अंग।**
**जे आभरण पेहराविये जी, ते स्वभाव निज अंग॥८॥ सुहंकर०**

**टबार्थ -** अंगलुहणा ते बे प्रकारना धर्मनी सुधता वडे माहरा आत्मस्वभाव वडे स्वभावनो अंग निर्मल थओ। आभरण पेहराविइ ते वेला एहवी भावना भाववी जे-माहरो पोतानो स्वभाव निर्मल छे॥८॥

**जे नव वाड विशुद्धता जी ते पूजा नव अंग।**
**पंचाचार विशुद्धता जी तेह फूल पंचरंग॥९॥ सुहंकर०**

**टबार्थ -** जेहवी नव वाड सुध प्रकारे पालिइ ते प्रकारे नव अंगनी पूजा जाणवी। पांच प्रकारे आचारनी शुद्धता ते पांच प्रकार पंचरंगी फूल जाणवा॥९॥

**दीवो करतां चिंतवो जी, ज्ञानदीपक सुप्रकास।**
**नय चिंता घृत पूरियुं जी, तत्त्व पात्र सुविलास[१]॥१०॥ सुहंकर०**

**टबार्थ -** वली दीवो करतां एहवी भावना भाववी-ज्ञानरूपीओ दीवो घटमां प्रकास करो। सात नय चिंतवणा रूपीओ घी पूर्यो छे, त्रण तत्त्वरूपीओ पात्र विसाल छे तेमां॥१०॥

**धूप रूप अति कार्यता जी, कृष्णागरनो जोग।**
**शुद्ध वासना महमहे जी, ते तो अनुभव योग ॥११॥ सुहंकर०**

**टबार्थ -** धूपरूपी कार्य एहवो कर्म कृष्णागरना जेहवो एहवो। एहनुं सुगुंधिरूप वासना महमहे छें, ते ज्ञानरूपी जोत जीवने प्राप्त थाय॥११॥

**मद स्थानक अड छांडवां जी, तेह अष्ट मंगलिक।**
**जे नैवेद निवेदीइं जी ते मन निश्चय[२] टेक ॥१२॥ सुहंकर०**

**टबार्थ -** आठ मदना स्थानक ते वेगला छांडवाने आठ मंगलिक आलेखवा। जे नैवेद्य धरती वेलाइं ते एहवें मननो निश्चय करशे॥१२॥

**लवण उतारी भावीये जी, कृत्रिम धर्मनो रे त्याग।**
**मंगलदीवो अति भलो जी शुद्धधर्म परभाग॥१३॥ सुहंकर०**

**टबार्थ -** लूण उतारती वेलाए एहवी भावना भाववी-मिथ्यात्वादि अक्रित धर्मनो त्याग करवो। मंगल दीवो ते मंगलिक रूप भलो प्रगटवो सुध धर्म उपरे राग धरवो॥१३॥

**गीत नृत्य वाजिंत्रनो जी, नाद ते अनहद सार[३]।**
**समरति[४] रमणी जे करी जी, ते साचो थेईकार॥१४॥ सुहंकर०**

**टबार्थ -** गीत गावा नाटिक करवा वाजिंत्र वगाडवा तेहनो भद्द(शब्द) ते अनहद पसरी रह्यो छे। स्मृति आत्मानी रमणता करिइ ते साचो थेईकार नाटक जाणवो॥१४॥

---

१. सुविशाल ला. २. निश्चल मु
३. नाद अनाहत सार मु. ४. समरति मु.

**भावपूजा एम साचवी जी, सत्य बजावो रे घंट।**
**त्रिभुवन मांहे ते विस्तरे जी, टाले कर्मनो कंट॥१५॥ सुहंकर०**

**टबार्थ -** एहवी रीते भावपूजा निर्मल चित्ते साधवी, सत्य रूपिओ घंट वजाडवो। तेहनो सद्द त्रिण भुवनने विषे विस्तरे तेणे करी दुष्ट कर्मनो नास करे॥१५॥

**इणि परे भावना भावतां जी, साहेब जस सुप्रसन्न।**
**जनम सफल जग तेहनो जी, तेह पुरुष धन्न धन्न॥१६॥ सुहंकर०**

**टबार्थ -** एहवी रीते भावना भावता थका साहेब सुप्रसन थाउं जस कीर्त्ति आपो तो माहरो जन्म सफल थाइ, हुं कृतार्थ थाउं, जगतमांहे ते पुरुषनो धन्य आत्मा जाणवो॥१६॥

**परम पुरुष प्रभु सामलाजी, मानो ए मुज सेव।**
**दूर करो भव आमलाजी, वाचक जस कहे देव ॥१७॥ सुहंकर०**

**॥इति श्री सांमलिया पार्श्वनाथनुं स्तवन॥**

**टबार्थ -** हे! परम पुरुष परमात्मा सांमलिया पार्श्वनाथ! ए माहरी अरजी सांभलीनें सेवा आपो अनें माहरा भवो भवना कर्म रूपी आमला ते वेगला करो। एहवी रीते जसविजयजी कहे छे हे! देवाधिदेव!॥१७॥

॥इति श्री सामलिया पार्श्वनाथनाथ स्तवन टबार्थ संपूर्ण।

**प्रत ला. द. नं ४०९०**

# શામળા પાર્શ્વનાથ સ્તવન

**(અર્થ)**

**શામળા પાર્શ્વનાથ ભગવાનના સ્તવન**માં પૂ. ઉપા. શ્રી યશોવિજયજીમ. એ ભાવપૂજાનું રહસ્ય દર્શાવ્યું છે. દ્રવ્યપૂજા કરતી વખતે અને કરતાં પહેલા કરવામાં આવતી દરેક ક્રિયા સાથે સંકળાયેલા ભાવ આ સ્તવનમાં અભિવ્યક્ત થયા છે. તેનો મૂળ સ્રોત આ ભ. શ્રી. સિદ્ધસેનસૂરિજીકૃત **પૂજા ચતુર્વિંશિતિકા** છે. આ સ્તવન પર ઓગણીસમી સદીના અંત ભાગમાં બાલાવબોધ પણ રચાયો છે. તેના કર્તા અજ્ઞાત છે. તેના આધારે આ સ્તવનનો ભાવાર્થ અહીં પ્રસ્તુત છે.

(ગાથા-૧) સુખના = કલ્યાણના કરનારા હે પાર્શ્વનાથ ભગવાન! તારી પૂજાવિધિમાં જે અંતરંગ ભાવના ભાવવાની છે. તે સર્વ તારી સમક્ષ રજૂ કરું છું એવો પણ અર્થ થઇ શકે છે.

(ગાથા-૨) દાતણ કરતાં એવી ભાવના ભાવવી કે-પ્રભુના ગુણરૂપી પાણીથી મારા મુખની શુદ્ધિ થાય છે. અને હું પ્રમાદરૂપી ઓળ ઉતારું છું. (ઓળ ઉતારવી = જીભનો મેલ દાતણ વિ. થી સાફ કરવો) તેથી મારી બુદ્ધિ નિર્મળ થાઓ.

(ગાથા-૩) જયણાપૂર્વક સ્નાન કરતી વખતે એવી ભાવના કરવી કે-મારા આત્મા ઉપરનો મિથ્યાત્વરૂપી મેલ નીકળી રહ્યો છે. - (અંગુછો = અંગ લૂછવાનું વસ્ત્ર = ટુવાલ) અંગુછાથી શરીરને સુકવતાં = લૂછતી વખતે એવી ભાવના કરવી કે-પ્રભુના પ્રેમરૂપી અંગ શુદ્ધ થઇ રહ્યાં છે. પૂજા ચતુર્વિંશિતિકામાં એમ જણાવ્યું છે કે-શુભકાર્યમાં મનની રુચિ તે જમીન છે. (ગાથા-૪)

(ગાથા-૪) ક્ષીરસમુદ્રનાં પાણી જેવાં સફેદ ધોતીયાં પહેરતાં મનમાં સંતોષની ભાવના કરવી. એટલે કે પૂજાના વસ્ત્રો પહેરતાં મનમાં સંતોષ ધારણ કરવો. આઠ પડવાલો મુખકોશ ધારણ કરતાં મનમાં એમ વિચારવું કે - હું આઠ કર્મનો સંવર કરી રહ્યો છું. એટલે કે અશુભકર્મને આવતા અટકાવી રહ્યો છું. પૂજા ચતુર્વિંશિતિકા માં ધોતીયાને ધીરજ અને સંતોષ ગુણ જણાવ્યાં છે. એટલે વસ્ત્ર પહેરતાં એવી ભાવના ભાવવી કે - મારા મનમાં ધીરજ અને સંતોષ ધારણ કરું છું.

(ગાથા-૫) પૂજા માટે કેસર ઘસતાં એ ભાવના કરવી કે - ઓરસીયો = (સુખડ ઘસવાનો પથ્થર) મનની એકાગ્રતા છે. તેની ઉપર ઘસવાનું કેસર = ભક્તિની લીનતા તેની પર ઘસવાનું કેસર છે. હૃદયમાં પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા તે ચંદન છે. એકાગ્રતાના ઓરસીયા ઉપર શુદ્ધ શ્રદ્ધારૂપી ચંદનથી ભકિતનું કેસર ઘસતી વખતે જે ઘોળ તૈયાર કરવામાં આવે છે. (ઘોળ = ઘણાં બધાં દ્રવ્યો ભેગા કરી તેમાં પાણી નાંખી કરેલું મિશ્રણ) તે ધ્યાન છે. જેથી ઉત્તમ રંગ નીપજે છે. (બીજો અર્થ આ રીતે કરી શકાય-શ્રદ્ધારૂપી ચંદન ઘસવાથી સરસ રંગવાળું ધ્યાન જન્મે છે. ) અહીં પૂજા ચતુર્વિંશિતિકામાં કેસર ભરવાની વાટકીને પ્રવચન ભક્તિની ઉપમા આપી છે. (પૂજા ચતુર્વિંશિતિકા ગાથા. ૬)

(ગાથા-૬) મસ્તક ઉપર તિલક કરતી વખતે એવી ભાવના કરવી કે - હે પ્રભુ! હું આપની આજ્ઞા મસ્તકે ચઢાવું છું અહીં પૂજા ચતુર્વિંશિતિકામાં પાંચ અંગે તિલક કરવાનું વિધાન જોવાં મળે છે. પાંચ વ્યવહાર અથવા પાંચ અંગવાળું પ્રવચન તે તિલક છે. (પૂજા ચતુર્વિંશિતિકા ગાથા-૭)

પૂજા કરતાં પહેલાં પ્રભુના શરીર ઉપરથી આભરણ ઉતારતાં આવો પણ અર્થ થઇ શકે છે)

(ગાથા-૭) પ્રભુના શરીર ઉપરથી ફૂલ વિ. ઉતારતા એવી ભાવના ભાવવી કે-મારા ચિત્તમાંથી ઉપાધિ ટળી રહી છે. ભગવાનનો પ્રક્ષાલ કરતાં એવી ભાવના ભાવવી કે - મારા આત્માને (ચિત્તને) નિર્મળ સમાધિ પ્રાપ્ત થઈ રહી છે.

(ગાથા-૮) પરમાત્માને અંગલૂછણાં કરતાં એમ વિચારવું કે - શુદ્ધિ અને પુષ્ટિરૂપ બે પ્રકારના ધર્મની[૧] શુદ્ધિથી મારા આત્મસ્વભાવ રૂપ અંગ નિર્મળ થઇ રહ્યાં છે. પ્રભુને આભરણ પહેરાવતાં એ ભાવના ભાવવી કે - મારા આત્માને પોતાનો નિર્મળ સ્વભાવ પ્રાપ્ત થઇ રહ્યો છે.

(ગાથા-૯) ભગવાનની નવાંગી પૂજા કરતી વખતે એ ભાવના ભાવવી કે - બ્રહ્મચર્યની નવ વાડની શુદ્ધિ[૨] થઇ રહી છે. પુષ્પપૂજા કરતી વખતે એ ભાવના ભાવવી કે - પાંચ રંગના ફૂલોથી હું ભગવાનની પૂજા કરું છું. તેથી મારા પાંચ આચાર[૩] શુદ્ધ થઇ રહ્યાં છે.

પૂજા ચતુર્વિંશિતિકા નવાંગી પૂજા કરતી વખતે ભાવવાના ભાવને અન્ય રીતે પણ સમજાવે છે. ભગવાનને ચંદનનો લેપ કરતી વખતે ભાવના ભાવવી કે - મારો વિષય અને કષાયરૂપી અગ્નિ શાંત થઇ રહ્યો છે. ભગવાનના નવ અંગ નવ નિદાનના ત્યાગનું પ્રતીક છે. જીવ વગેરે નવ પદાર્થોનું પ્રતીક છે. નવાંગી પૂજા કરતી વખતે-નવનિદાનનો ત્યાગ કરું છું એવી ભાવના કરવી. અથવા એવી ભાવના કરવી કે - ભગવાનના નવ અંગો નવતત્ત્વ સમાન છે. જેમાં આખું જગત સમાઇ જાય છે. નવ નિદાન વિષે શ્રમણ ઉપયોગી સૂત્રો સાર્થ પત્ર-૧૧૩-૧૧૪-૧૧૫ અહીં લો.

પુષ્પપૂજા કરતી વખતે-પાંચ રંગના પુષ્પો સમકિતના પાંચ લક્ષણો છે. તે દ્વારા મારું સમ્યક્ત્વ સ્થિર થઇ રહ્યું છે, તેવું વિચારવું અથવા પાંચ રંગના ફૂલોથી જેમ પ્રભુ શોભે છે તેમ સમકિતના પાંચ ભૂષણોથી મારો આત્મા શોભે છે, એવી ભાવના કરવી. અહીં પુષ્પોપચાર પૂજા બતાવી છે. પુષ્પોપચાર = ફૂલોની માળા પહેરાવવી (પૂજા ચતુર્વિંશિતિકા ગાથા-૯-૧૦)

(ગાથા-૧૦) દીવો કરતાં એવી ભાવના કરવી કે - જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી પાત્રમાં સાત નયોના

---

૧. શુદ્ધિ = દોષોનો ત્યાગ, પુષ્ટિ = ગુણોનો સ્વીકાર ષોડશક ગ્રંથમાં ધર્મના આ બે ભેદ દર્શાવ્યાં છે.

૨. બ્રહ્મચર્યની નવ વાડ આ પ્રમાણે છે- ૧) વિજાતીય સાથે એક વસતિમાં રહેવું નહીં. ૨) વિજાતીય સાથે વાત કરવી નહીં ૩) વિજાતીય સાથે એક આસન ઉપર બેસવું નહીં ૪) વિજાતીયને સરાગ ભાવે જોવાં નહીં ૫) ભીંત ના આંતરે ગૃહસ્થીઓ રહેતા હોય તેવી જગ્યામાં રહેવું નહીં. ૬) પહેલાનાં ભોગને યાદ કરવાં નહીં ૭) વધુ પડતી વિગઇવાલો આહાર કરવો નહીં. ૮) અતિ માત્રામાં આહાર કરવો નહીં. ૯) શરીરની વિભૂષા કરવી નહીં.

૩. પાંચ આચાર = જ્ઞાનાચાર-દર્શનાચાર-ચરિત્રાચાર-તપાચાર અને વીર્યાચાર

ચિંતનરૂપ ઘી પૂર્યું છે અને તેમાં જ્ઞાનરૂપી દીવો પ્રગટાવ્યો છે. એટલે મારા આત્મામાં તત્ત્વના અર્થનું જ્ઞાન છે. તેમાં નયોની વિચારણા કરું છું. તેનાથી મારા આત્મામાં જ્ઞાનનો પ્રકાશ વધે છે. પૂજા ચતુર્વિંશિતિકા માં તત્ત્વ, નય અને પ્રમાણ દ્વારા તત્ત્વની ચિંતાને ઘીની ઉપમા આપી છે.

(ગાથા-૧૧) ધૂપ કરતાં એવી ભાવના કરવી કે - શુભક્રિયા દ્વારા આચારની સુગંધ ચારે દિશામાં ફેલાય છે અને તેનાથી અનુભવ યોગ પ્રાપ્ત થાય છે. (અહીં પૂજા ચતુર્વિંશિતિકામાં વિશેષ વાતો જણાવી છે. પૂજા કર્યા પછી અગ્નિ દ્વારા નવ અંગનો અનુભાસ કરવો અનુભાસ એટલે શું? તે ખબર નથી. તેમજ પૂજા કર્યા પછી સુગંધી દ્રવ્ય ઉછાળવાનો વિધિ છે જે આજે પ્રચલિત નથી. વિધિપૂર્વક ક્રિયા કરવાથી તેની સુવાસ ચારે દિશામાં ફેલાય છે. એટલે મારી શુદ્ધ ક્રિયા દ્વારા બધા જીવોના અંતરમાં શુભભાવના પેદા થાઓ, એવી ભાવના કરવી. ભગવાનની સામે ચામર ઢોળતી વખતે એવી ભાવના કરવી કે - જે રીતે ચામર શુદ્ધ અને સફેદ છે તેવું શુક્લધ્યાન પ્રભુના આલંબને મને પ્રાપ્ત થાઓ. પરમાત્માના મસ્તક ઉપર છત્ર ધરતી વખતે એવી ભાવના કરવી કે - મને પણ શુક્લધ્યાનની પ્રાપ્તિ થાઓ. )

(ગાથા-૧૨) ભગવાન સમક્ષ અષ્ટમંગલિક દર્શાવતી વખતે એવી ભાવના કરવી કે - મારા મનમાંથી આઠ મદસ્થાનો[૧] વિદાય થઇ રહ્યાં છે. નૈવેદ્યપૂજા કરતી વખતે એવી ભાવના કરવી કે - મારું મન નિશ્ચલ થઇ રહ્યું છે. અથવા નૈવેદ્ય ધરવા દ્વારા મારા મનમાં નિશ્ચય = દઢતા આવી રહી છે.

(ગાથા-૧૩) પૂજા કર્યા પછી આરતી કરવામાં આવે છે ત્યાર પછી મંગળદીવો કરતાં પહેલાં લૂણ ઉતારવામાં આવે છે. લૂણ ઉતારતી વખતે એવી ભાવના કરવી કે - હું કૃત્રિમ ધર્મોનો ત્યાગ કરું છું. મિથ્યાધર્મ કૃત્રિમ ધર્મ કહેવાય છે. જે દ્વારા મિથ્યાત્વ મજબૂત થાય તે કૃત્રિમ ધર્મ. મંગલદીવો ઉતારતા એવી ભાવના કરવી કે - મને શુદ્ધધર્મ ઉપર રાગ પ્રગટે, (અહીં ઉપાધ્યાયજી મ. એ આરતી કરતી વખતે કઇ ભાવના કરવી તે જણાવ્યું નથી. પૂજા ચતુર્વિંશિતિકામાં અગૃદ્ધિ ત્રિકસારને આરતી ગણાવી છે. તેનો અર્થ સ્પષ્ટ નથી. વળી ત્યાં જ્ઞાનાચાર વગેરે ચોખાથી સાથિયો કરવો તેવું પણ જણાવ્યું છે. પૂજા ચતુર્વિંશિતિકા-ગાથા. ૧૪ આ અર્થ સ્તવનમાં નથી)

(ગાથા-૧૪) દ્રવ્યપૂજા પછી પ્રભુ સમક્ષ ગીતપૂજા અને નૃત્યપૂજા કરવામાં આવે છે - તેનો અવાજ પ્રસરે છે તે અનહદનો નાદ છે. એવી ભાવના કરવી. (આ ભાવના સ્પષ્ટ થતી નથી. પૂજા ચતુર્વિંશિતિકામાં પણ તે વિશે ઉલ્લેખ નથી. માત્ર શ્રદ્ધાને વાજિંત્ર તરીકે દર્શાવી છે. (પૂજા ચતુર્વિંશિતિકા-ગાથા. ૧૫) તેમજ બે વખત આરતી ઉતારતી વખતે એવી ભાવના કરવી કે - અવિધિ અને અધર્મની પ્રરૂપણાથી જે આશાતના થઇ હોય તેનો ત્યાગ કરું છું. પૂજા ચતુર્વિંશિતિકા-ગાથા-૧૫) પરમાત્મા સમક્ષ નાટકપૂજા કરતાં એવી ભાવના કરવી કે - આત્માની સ્મૃતિરૂપ સ્ત્રી અંતરમાં વીલસી રહી છે. (સ્તવનમાં **સમરતિ** શબ્દનો અર્થ **સ્મૃતિ** કર્યો છે. સાધારણ રીતે સમરતિ = **સમભાવમાં રતિ** એવો અર્થ થાય છે. )

---

૧. આઠ મદસ્થાનો - જાતિમદ, કુળમદ, બળમદ, રૂપમદ, તપમદ, ઐશ્વર્યમદ, શ્રુતમદ, લાભમદ

(ગાથા-૧૫) આ રીતે નિર્મળ ચિત્તથી દ્રવ્યપૂજાની સાથે ઉપર કહેલાં તે તે ભાવોને અંતરમાં જાગૃત કરી ભાવપૂજા કરવી. ત્યાર પછી સત્યરૂપી[૧] ઘંટ વગાડવો. જેનો અવાજ ત્રણે ભુવનમાં ફેલાય છે. તેનાથી દુષ્ટકર્મનો નાશ થાય છે.

(ગાથા-૧૬) આ રીતે ભાવના ભાવતાં પરમાત્મા જેની ઉપર પ્રસન્ન થાય છે. તેનો જન્મ સફળ થાય છે. તે પુરુષનો આત્મા ધન્ય છે.

(ગાથા-૧૭) ઉપા. શ્રી યશોવિજયજી મ. કહે છે કે - હે પરમપુરુષ! શામળા પાર્શ્વનાથ ભગવાન! મારી આ અરજી સાંભળીને મને સેવાનો અવસર આપો. અને મારા ભવોભવના કર્મરૂપી આમળા દૂર કરો. (પૂજા ચતુર્વિંશિતિકામાં આ પછી અનેક ગાથાઓ છે. તેનો અર્થ સ્તવનમાં દર્શાવ્યો નથી. મુખ્યત્વે પૂજા ચતુર્વિંશિતિકા માં પૂજાના મહિમાનું વર્ણન છે. દ્રવ્યપૂજા કરતી વખતે કરવાની ભાવનાનો અધિકાર અહીં પૂર્ણ થાય છે. તેથી ઉપાધ્યાયજી મ. એ તેને ગૌણ કર્યો છે.

---

૧. અહીં સત્ય શબ્દનો અર્થ વિસ્તૃત સમજવાનો છે. સત્ય = મન-વચન-કાયાની સરળતા, સત્ય = પારર્શિતા, પ્રશમરતિનામના શાસ્ત્રમાં કહ્યું છે.
अविसंवादनयोगः कायमनोवागजिह्मता चैव। सत्यं चतुर्विधं तच्च जिनवरमतेऽस्ति नान्यत्र॥
હોવું કંઇક અને બતાવવું કંઇક એ વિસંવાદ છે. જેના જીવનમાં વિસંવાદ ન હોય તેની પાસે સત્ય હોય છે. મનની સરળતા, વચનની સરળતા અને કાયાની સરળતા, આ ચાર પ્રકારનું સત્ય ભગવાનના મનમાં છે. બીજે નથી.)

## ॥श्री पोसीना पार्श्वनाथ स्तवन॥

## ॥श्री रत्नाकर स्तवन॥

## ॥श्री पोसीना पार्श्वनाथ स्तवन॥

-સા. મધુરહંસાશ્રી

પ્રસ્તુત લેખમાં શ્રી પોસીના પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન રજૂ કરવામાં આવ્યું છે. આ સ્તવનની હસ્તપ્રત રાજસ્થાન પ્રાચ્ય વિદ્યા પ્રતિષ્ઠાન, જોધપુર (ચિતોડગઢસંગ્રહ)માં છે. (કેટલોગ નં-૮-૨૨-૬, પ્રત ક્રમાંક-૪૯૩૯)આ કૃતિ એક જ પાના ઉપર ઊભી લખાઇ છે. ૨૩ પંક્તિ છે અને દરેક પંક્તિ પર ૧૦ અક્ષર છે. આ કૃતિના રચયિતા શ્રી કપૂર વિજયજી મ. છે. તેની રચના વિ. સં. ૧૮૧૬માં ચૈત્ર વદ ૧૦ના દિવસે થઇ છે. આ. શ્રી વિજયધર્મસૂરિજી નામના આચાર્ય મહારાજ પોસીના તીર્થની યાત્રા કરવા પધાર્યા તે નિમિત્તે આ સ્તવનની રચના  થઇ છે. પોસીના તીર્થ ઉત્તર ગુજરાતના સાબરકાંઠાના રાજસ્થાનની સરહદ પર આવેલું છે. પોસીના નામના બે ગામ છે. નાના પોસીના અને મોટા પોસીના. નાના પોસીનામાં શ્રીશાંતિનાથ ભગવાનનું મંદિર છે. મોટા પોસીનામાં પાર્શ્વનાથ ભગવાન, અને મહાવીર સ્વામિનું મંદિર છે. સ્તવનનો સામાન્ય શબ્દાર્થ અહિં પ્રસ્તુત છે.

પોસીનામાં પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ ભગવાન આજે મળ્યા. જિનવરને ભેટીને કઠોર કર્મ મટી ગયા. આંખો આનંદિત થઇ (૧)

આજનો દિવસ ધન્ય થયો, મારાં બધા કામકાજ સર્યાં. કલ્પવેલડી અને કામકુંભ જેવા તમારા દર્શન થયાં. (૨)

તમારી સુરત જોઇને મને અજબ આકર્ષણ થયું છે. પ્રભુ મારો પ્રેમ એક પક્ષનો છે. હવે મારી આશા પૂરી થઇ (૩)

વિશ્વમાં બધા દેવો છે પણ તેમની સેવા કરવી મને ગમતી નથી. તમારા ફૂલ જેવા ચરણોની સુવાસથી મારું મન ભમરાની જેમ ભમે છે. (૪)

પ્રભુ! દાતાનું નામ સાંભળીને યાચકની આશા ત્રણ ગણી થઇ જાય છે જાણકાર થઇને આપ અજાણ કેમ બનો છો? આટલી તાણ કેમ કરો છો ?આટલો રોષ કેમ કરો છો. ? (૫)

મારામાં  કયો દોષ છે. ? યાચકને નિરાશ કરશો તો યશ કેવી રીતે પામશો? (૬)

પહેલી છ ગાથામાં કવિએ પ્રભુને મળવાની ઉત્કંઠા વ્યક્ત કરી છે. તેમ જ પ્રભુને મળવાનો આનંદ અને વિરહની વેદના દર્શાવી છે.

છેલ્લી ત્રણ ગાથામાં તત્કાલીન ઇતિહાસ દર્શાવ્યો છે. ચન્દ્રકળાની જેમ જેમનો પ્રભાવ દિવસે દિવસે વધી રહ્યો છે, તે મુનિ ભગવંતોના આધાર એવા શ્રી વિજય ધર્મસૂરિજી મહારાજ પૃથ્વીપર વિહાર કરતા કરતા ભગવાનને ભેટવા સંઘ સાથે અહિં આવ્યા. તમારી મૂર્તિ જોઇને ભામણા લેવાનું મન થાય છે. સં ૧૮૧૬માં ચૈત્રવદ ૧૦ના દિવસે બુધવારે પૂજ્યશ્રીની કૃપાથી કપૂર વિજય પોતાની બુદ્ધિથી ભગવાનનું સ્તવન કરે છે.

આ સ્તવન પોસીના તીર્થના ઇતિહાસમાં અનેરી ભાત પૂરી પાડે છે.

**- સા. જિનરત્નાશ્રીજીના શિષ્યા સા. મધુરહંસાશ્રી**

श्री

# ॥श्री पोसीना पार्श्वनाथ स्तवन॥

**(फतडल तु छे हाडोतीडो राव हुं ने अछुं नागरं बांभणी ए देसी)**

जिनवर पोसिणे [जिन] पास आस धरीने भेटीआ,
जिनवर मेटीआ [करम] कठोर नयण चकोर ते हरखीआ॥१॥जि०

जिनवर धन्य दिवस धन्य आज काज सर्या रे सहु माहरा,
जिनवर कामलता कामकुम्भ तेहवा दरिसण ताहरा॥२॥जि०

जिनवर लागी रे मोहनी जोर सुरति देखीनै ताहरी,
जिनवर एकपखो थई हेव आस्या रे पूरो माहरी॥३॥जि०

जिनवर बीजा बहुला रे देव सेवनी टेवा रे नवि गमै,
जिनवर प्रभु पद कुसुम सुवास मन मधु निसदिन तिहा भमै॥४॥जि०

जिनवर निसुणी दाता रे नाम कामनी आस्या रे त्रेवडी,
जिनवर स्युं होवै जाण अजाण ताण कीसी करो एवडी॥५॥जि०

जिनवर स्यो करो एवडो रोष दोस कीस्यो रे मुज में अछै,
जिनवर करता अरथी निराश किम जग जस लहस्यो पछै॥६॥जि०

जिनवर श्रीविजय धर्मसूरींद चंद परै रे चढती कला,
जिनवर मुनिगुणगणना रे धार विहार करता रे महिअला॥७॥जि०

जिनवर भेटण श्रीजिनराज सांबली संघ सोहामणे,
जिनवर मूरति मोहनवेल जाउ रे तारे भामणे॥८॥जि०

जिनवर संवत अढारसे सोल चैत्र वद दशमी बुधे,
जिनवर श्री जिननै सुपसाय कपूर थुणै रे निज बुधे॥९॥जि०।

॥इति पोसीणापारसनाथ स्तवन॥

# રત્નાકર સ્તવન

-સા. જિનરત્નાશ્રીજીના શિષ્યા
સા. મધુરહંસાશ્રી

રત્નાકરસ્તવન આત્મનિંદાગર્ભિત મહાવીરસ્વામીનું સ્તવન છે.

આ સ્તવનની રચના ઘોઘા બંદરમાં થઇ છે. અને ઘોઘાબંદર દરીયા કિનારે હોવાથી સ્તવનનું નામ રત્નાકરસ્તવન રાખવામાં આવ્યું છે. ઘોઘાનો દરીયા કિનારો કવિ મુનિઓનો ઘણો પ્રિય રહ્યો છે. અહિં ઘણી પ્રાસાદિક રચનાઓ નિર્માણ પામી છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'સમુદ્રવહાણસંવાદ' નામની કૃતિની રચના ઘોઘાના દરીયાને જોઇને કરી છે. તે સમયમાં ઘોઘાબંદર વેપારનું મોટું કેન્દ્ર રહ્યું હશે. જૈન વ્યાપારીઓનું વસવાટનું કેન્દ્ર પણ હશે, એમ કલ્પી શકાય. ઘોઘા અને ભરુચ વચ્ચે વહાણ દ્વારા વસ્તુની હેર-ફેર લે-વેચનો વ્યવહાર ચાલતો હતો. જૈનોની વસતિને કારણે ઘોઘા ધાર્મિક પ્રવૃત્તિમાં પણ અગ્રેસર હતું. અહિં નવખંડા પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. તેનો ઇતિહાસ આ પ્રમાણે છે. ઘોઘા બંદર ગામમાં નવખંડા પાર્શ્વનાથ ભગવાનનું પ્રાચીન તીર્થસ્થળ છે. કહેવાય છે કે આ પ્રતિમા પ્રાચીન સમયમાં વડવા ગામના એક કૂવામાંથી મળી હતી. એમ પણ કહેવાય છે કે પીરમબેટમાં એક પથ્થરના કુંડમાંથી બીજી પ્રતિમાઓની સાથે આ પ્રતિમા પણ મળી હતી. વિ. સં ૧૧૬૮માં આચાર્ય શ્રીમહેન્દ્રસૂરીશ્વરજીના સુહસ્તે પ્રભુપ્રતિમાની અંજનશલાકા કર્યાનો તથા આ પુનિત કાર્યમાં નાણાવટી શ્રી હીરાશેઠ દ્વારા તેમની ચંચળ લક્ષ્મીનો સદુપયોગ કર્યાનો ઉલ્લેખ છે. વિ. સં ૧૪૩૦માં આચાર્ય શ્રી જીનેન્દ્રસૂરીશ્વરજીની નિશ્રામાં શ્રેષ્ઠિ શ્રીવીરા તથા પૂર્ણએ અહીંથી શ્રી શત્રુંજય તથા ગિરનારનો સંઘ કાઢ્યો હતો. વિ. સં ૧૪૩૧માં શ્રી જિનોદયસૂરીશ્વરજી દ્વારા મોકલેલા વિજ્ઞપ્તિપત્રમાં અહીંના શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાનને વંદના કરી હતી. આ બધાથી સ્પષ્ટ સાબિત થાય છે કે આ સ્થળ બારમી સદીથી પૂર્વેનું છે, પરંતુ પ્રતિમા તેના કરતાં પણ પ્રાચીન છે.

મુસલમાનોના રાજ્યકાળ દરમિયાન તેમના સિપાહીઓ દ્વારા બીજાં મંદિરો તથા પ્રતિમાઓનું પણ ખંડન કરવામાં આવ્યું તે સમયે આ પ્રતિમાનું પણ ખંડન કરવામાં આવ્યું હતું અને તેના નવ ટુંકડા થયા હતા. અધિષ્ઠાયક દેવની કૃપા મેળવીને શ્રાવકોએ આ ટુંકડાઓને લાપસીમાં રાખ્યા જેથી પ્રતિમા જેવી હતી તેવી બની ગઇ, પરંતુ નવ જગ્યાએ નિશાન કાયમ રહી ગયાં, જે આજે પણ જોવા મળે છે. તે દિવસથી ભક્તજનો પ્રભુને નવખંડા પાર્શ્વનાથ ભગવાન કહે છે. કેટલાંક વર્ષો પહેલાં પ્રભુના અંગુઠામાંથી અમૃતરૂપી અમી ઝરતી હતી. અહીંયા કેટલાંય વરસોથી અખંડ જ્યોત છે.

આ મંદિરોની પાસે જ બીજાં ચાર મંદિરો તથા થોડેક દૂર બીજાં બે મંદિરો ગામમાં છે. નજીકમાં નેમિનાથ ભગવાનના મંદિરમાં ભૂગર્ભમાંથી પ્રાપ્ત થયેલી અનેક પ્રતિમાઓ છે. આ મંદિરમાં જ વિ. સં. ૧૩૫૪ની બે ગુરુપ્રતિમાઓ છે. કહેવાય છે કે આ પ્રતિમાઓ શ્રી હેમચંદ્રાચાર્યની તથા આચાર્ય

શ્રીધર્મઘોષસૂરીશ્વરજીની છે. પાસે જ સમવસરણમંદિરમાં ધાતુનું સોળમી સદીના આરંભનું સુંદર સમવસરણ છે. મુખ્ય મંદિરની બાજુમાં શ્રી સુવિધિનાથ ભગવાન તથા શાંતિનાથ ભગવાનનું મંદિર છે. ગામમાં શ્રી ચંદ્રપ્રભ ભગવાનના મંદિરની બનાવટ રાજા કુમારપાળના સમયની માનવામાં આવે છે. આ જ મંદિરમાં શ્રી વિજયદેવસૂરીશ્વરજીની ચરણપાદુકાઓ વિ. સં. ૧૭૧૬માં પ્રતિષ્ઠિત કરેલી છે. બીજાં ઘણાં પ્રાચીન અવશેષો પણ છે. ગામની દક્ષિણ બાજુએ શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનનું સુંદર મંદિર છે. આ મંદિરમાં વિ. સં. ૧૩૫૭માં પ્રતિષ્ઠા કરેલી એક ભવ્ય ગુરુમૂર્તિ છે. લેખ ઘસાઇ જવાના કારણે આ આચાર્યશ્રીનું નામ જાણી શકાતું નથી.[૧]

વિ. સં. ૧૯૨૮માં શ્રી વૃદ્ધિવિજયજી મહારાજે અહિં ચોમાસુ કર્યું હતું. તેમના ચોમાસામાં કાલિદાસ ભટ્ટ નામના બ્રાહ્મણ જૈન ધર્મથી પ્રભાવિત થયા. તેમની વિનંતિથી શ્રી વૃદ્ધિવિજયજી મહારાજના શિષ્યએ આ સ્તવનની રચના કરી છે. આસો વદ બારસના દિવસે આ કૃતિ રચાઇ છે. કૃતિમાં કર્તાનાં નામનો ઉલ્લેખ નથી. પ્રાયઃ આ પ્રત કર્તાના હાથે લખાયેલી છે.

શ્રી રત્નાકર સ્તવનની હસ્તપ્રત શ્રી વર્ધમાન જૈન આગમ જ્ઞાનભંડાર કાત્રજ, પુણેની છે. તેનો ક્રમાંક ૪૩૨ છે. આ પ્રત પૂ. આ. ભ. શ્રી હર્ષસાગર સૂ. મ. ની પ્રેરણાથી મળી છે. પ્રતના બે પત્ર છે. દરેક પત્ર પર ૧૫ પંક્તિ છે. દરેક પંક્તિમાં ૩૫ અક્ષર છે. પ્રતને અંતે 'जाणता अजाणता भूलेचूके ओछुं अदकुं लखाणुं होय अथवा अविधिआसातना थइ होय तेनुं मिच्छा मि दुक्कडं दउं छुं' આ લખાણ જોઇને પ્રત કર્તાના હાથે લખાઇ છે તેવું અનુમાન કર્યું છે. સામાન્ય રીતે પુષ્પિકામાં પ્રતિલેખક પ્રતનો લેખન સમય ઇત્યાદિ વિગત જણાવે છે. અને લખાણ વિષે જણાવે છે. ઉપર્યુક્ત લખાણ કૃતિ વિષયક હોવાની સંભાવના વધુ છે.[૨] મધ્યકાલીન કૃતિ સૂચિમાં રત્નાકરસ્તવન નામની કૃતિ નોંધાઇ નથી તેથી આ અપ્રગટ કૃતિ છે એવું જણાય છે. ક્યાંક કોઇ સંશોધન પત્રમાં છપાઇ હોય તો ખબર નથી.

સંપાદન કરતાં અશુદ્ધ જણાતા પાઠ સાથે ( ) કોષ્ટકમાં શુદ્ધ પાઠ દર્શાવ્યા છે. પડી ગયેલા પાઠ [ ] કોષ્ટકમાં જણાવ્યા છે. સંદિગ્ધ પાઠની નીચે અધોરેખા કરી છે.

આ કૃતિની ચાર ઢાળ છે. પહેલી ઢાળમાં ૮ કડી છે. બીજી ઢાળમાં ૧૧ કડી છે. ત્રીજી ઢાળમાં ૧૩ કડી છે. ચોથી ઢાળમાં ૧૦ કડી છે. આમ કુલ ૪૨ કડીનું સ્તવન છે.

ષોડષક નામના શાસ્ત્રમાં સ્તોત્ર પૂજાનું વર્ણન આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે બે પ્રકારના સ્તોત્રનું વર્ણન કર્યું છે. ૧) ભક્તિ ગર્ભિત સ્તોત્ર, ૨) આત્મનિંદાગર્ભિત સ્તોત્ર. ભક્તિગર્ભિત સ્તોત્રમાં ભગવાનનાં શરીરની મહત્તા ગાવામાં આવે છે, આચારની મહત્તા ગાવામાં આવે છે, ગુણોની મહત્તા ગાવામાં આવે છે. આત્મનિંદાગર્ભિત સ્તોત્રમાં રાગ, દ્વેષ મોહને કારણે પોતે કરેલા પાપોનું નિવેદન કરવામાં આવે છે. સ્તોત્ર દ્વારા વિશેષ શુભ ભાવ જન્મે છે. વિદ્યમાન ગુણોની સ્તવનાથી મોક્ષનો અભિલાષ જન્મે છે અને તેનાથી પરમાત્મા સાથે એકાકારતા અનુભવાય છે. (ષોડષક ૯-૬, ૭, ૮) ગુજરાતી ભાષામાં બન્ને પ્રકારનાં સ્તવનોની રચના થઇ છે. પ્રસ્તુત રત્નાકરસ્તવન આત્મનિંદાગર્ભિત છે. આ કૃતિ ઉપર રત્નાકર પચીસીની

અસર છે. સંક્ષેપમાં તેનો સાર પ્રસ્તુત છે.

**(પહેલી ઢાળ)** ત્રણ જગતના નાથ, સમુદ્ર જેવું જ્ઞાન ધારણ કરનારા પરમાત્મા ! તમે જય પામો. આ ધ્રુવપંક્તિમાં કવિએ ભગવાનના નામને સમુદ્રની ઉપમા આપી છે. સ્તવનનું રત્નાકર એ નામ સાર્થક કર્યું છે. કવિ કહે છે - હે ! ભગવાન ! તમે મોક્ષરૂપી લક્ષ્મીને રહેવા માટે મંગલઘર સમાન છો. ઇન્દ્રો અને રાજાઓ તમને નમસ્કાર કરે છે. આપ અતિશય જ્ઞાની છો. ત્રણ જગતના આધાર છો, કરુણાના અવતાર છો, સંસારના વિકારો રોગ જેવા છે તેને સાજા કરવાં અઘરું કામ છે. આપ તેને દૂર કરવામાં કુશલ વૈદ્ય જેવા છો. તેથી આપની આગળ હું અરજ કરું છું. વીતરાગ, જાણકાર અને અતુલ એવા ભગવાન ! તેને તમે અવધારજો. મારી ઉપર જે કંઇ વીત્યું છે. તે હું મૂરખની જેમ સાવ નાનું બાળક અનુચિત કૃત્યને માતાપિતા સમક્ષ કહેતા લજ્જા કરતું નથી, વિકલ્પ કરતું નથી તે રીતે હીન ભાવના આશ્રય મારા મનમાં રહેલા હીન ભાવો જે જે રીતે વર્તે છે તે મનના સંતાપ સાથે કહું છું. (૧. ૧-૬)

આ પછીની ગાથામાં ચાર પ્રકારના ધર્મને નજર સામે રાખી કવિ આત્મનિંદા કરે છે. દાન કરવાથી દુર્ગતિ દૂર થાય છે તેમ છતાં મેં અભયદાન કે સુપાત્ર દાન આપ્યું નથી . શીલ પાળવાથી સદ્ગતિ મળે છે છતાં મેં શુદ્ધ મનથી શીલ પાળ્યું નથી. તપ કરવાથી કર્મ દૂર થાય છે. મેં નિરાશંસ ભાવે બાર પ્રકારનું તપ કર્યું નથી. ભાવના સંસારના ભયને હરે છે છતાં મેં શુભ મનથી અંશ માત્ર પણ ભાવના ભાવી નથી. પરભવમાં જવા માટે પુન્ય રૂપી ભાથું બાંધ્યું નથી. હે ! દેવ ! મારી કઇ ગતિ થશે ? મારો આ ભવ નિષ્ફળ ગયો કેમ કે અનાદિના સંસ્કાર તૂટ્યા નથી. (૧. ૭-૯)

**(બીજી ઢાળ)** હે ! શાસનપતિ! અંતર્યામી! મહાવીર સ્વામી! તમને મસ્તક નમાવીને કહું છું તે સાંભળો. હું ક્રોધ રૂપી અગ્નિથી બળેલો છું. મદ અને લોભ રૂપી સાપ મને નડે છે. અભિમાન રૂપી અજગર મને ગળી ગયો છે. માયા રૂપી જાળે તાણીને બાંધ્યો છે. આ ચાર કષાયોને કારણે મારી શુદ્ધિ જતી રહી છે. ભગવાન ! તમારી ભક્તિ કેવી રીતે કરું ? મેં પરભવનું હિત પણ કર્યું નથી. આ ભવનું સુખ પણ પામ્યો નથી. મારો જન્મ સંસાર પૂરો કરવાને માટે થયો છે. (૨. ૧-૩)

ભગવાન ! તમારો ચહેરો ચંદ્ર જેવો મનોહર છે, લક્ષણથી યુક્ત છે, જગતનાં દુઃખને ચૂરનારો છે, આનંદના રસની સરવાણી છે. તે જોવાં છતાં મારું પત્થર કરતાં પણ કઠણ મન આનંદ પામતું નથી. મારા મનની નિષ્ઠુરતાનું કારણ કર્મ છે. તેનો મર્મ પ્રભુ ! તું જાણે છે. પ્રભુ! તારા થકી મને દુર્લભ રત્નત્રયી મળી પણ મોહની નિદ્રામાં સૂતા રહીને મેં ગુમાવી દીધી. તમારા જેવો દયાળુ બીજો કોઇ દેખાતો નથી. મારો પોકાર સાંભળીને મારું ખોવાયેલું ધન પાછું મેળવી આપો. (૨. ૪-૬)

હું બીજાને ઠગવા વૈરાગી બન્યો છું. લોકોને ખુશ કરવા ધર્મોપદેશ કરું છું. બીજાને જિતવા માટે વિદ્યાભ્યાસ કરું છું. એક પણ વાર મેં આત્માનું હિત કર્યું નથી. જગતના મિત્ર એવા હે! પ્રભુ! મારા હસવા જેવા ચરિત્ર કેટલાં કહું ? મેં બીજાની નિંદા કરી મુખને દોષિત કર્યું. પારકી સ્ત્રી જોઇને નેત્રને મેલાં કર્યાં. મનમાં બીજાને દુઃખી કરવાના વિચાર કર્યા. પ્રભુ ! મારી શી ગતિ થશે ? કામદશાને વશ થઇ સંયમમાં

અરતિ કરી. હું વિષયમાં અંધ બન્યો. તે મને કહેતા પણ શરમ આવે છે. તમે બધું જાણો છો. મેં કામ-વશીકરણ વગેરે મન્ત્ર કર્યા. તન્ત્ર પ્રયોગ કરીને નવકાર મન્ત્રને હણ્યો. કામશાસ્ત્ર શીખવામાં એટલો આનંદ આવ્યો કે મેં આગમ વાણીનો ભંગ કર્યો. કુદેવ, કુસંગથી મારી બુદ્ધિ દોષિત થઇ. તેથી હું ઘણા આનંદથી ખરાબ કુકર્મ કરું છું. હે! પ્રભુ! મેં આ રીતે સમકિત રત્નને ખોઇ નાખ્યું છે. મારુ હિત અને મારું સુખ કેવી રીતે થશે ? (૨. ૬-૧૨)

**(ત્રીજી ઢાળ)** હે ! ત્રિશલાના નંદન ! મોહન મુખવાળા સ્વામિ ! મારી વાત સાંભળો. દૃષ્ટિ માર્ગમાં આવેલા તમને છોડીને મૂઢમતિ એવા મેં હૃદયમાં નારીનું ધ્યાન કર્યું. તેના શરીરના અવયવો જોયા. સ્ત્રીનું મુખ જોવા લાગ્યો ત્યારે મારા મનમાં મેલ લાગ્યો. આ મેલ નિર્મલ અમૃતના સમુદ્રથી ધોવા છતાં પણ ન ગયો. તેને ધોતાં હૃદયમાં ઘણું દુઃખ થયું. (૩. ૧-૨)

મારામાં કોઇ ગુણ નથી. કોઇ વિશેષ પ્રકારની કળા નથી. લોકોને આંજી નાંખે તેવી સાહેબી નથી. છતાં પણ હું ખોટા અભિમાનથી કદર્થના પામ્યો. મારું આયુષ્ય ઘટે છે પણ પાપની બુદ્ધિ ઘટતી નથી. જીવન જતું રહ્યું છતાં વિષયની બુદ્ધિ ન ગઇ. મેં શરીરને પોષવાનો પ્રયત્ન કર્યો, ધર્મને પોષવા પ્રયત્ન ન કર્યો. હે ! નાથ ! હું મોહના ભ્રમમાં ફસાઇ ગયો. (૩. ૩-૪)

આત્મા નથી, પુણ્ય નથી, પાપ નથી એવી કડવી વાતો નાસ્તિક માણસ બોલે છે. એવી વાતો પણ મને દહિ અને ઘી જેવી મીઠી લાગે છે. આપના જેવા કેવલજ્ઞાની પ્રભુ મળવા છતાં મારી આ દશા છે. (૩. ૫)

મેં પ્રભુની પૂજા નથી કરી, સંઘની પૂજા નથી કરી. મને સાધર્મિક કે સાધુઓ ગમતા નથી. મને મનુષ્ય જન્મ વિગેરે જે સામગ્રી મળી છે તે અરણ્યરુદનની જેમ નિષ્ફળ ગઇ છે. (૩. ૬)

આ ભરતક્ષેત્રમાં કામધેનુ કે કલ્પવૃક્ષ કે ચિંતામણિરત્ન મળવા છતાં મેં તેમનું જ રટણ કર્યું, પ્રત્યક્ષ સુખને આપનાર ધર્મની અવગણના કરી. ભગવાન ! મારી મૂર્ખતા જૂઓ. (૩. ૭)

મેં ઉત્તમ ભોગોને સહજતાથી ભોગવ્યા પણ તે રોગના ખીલા છે તેવું જાણ્યું નહિ. રાત દિવસ આવતા ધનને હું ચાહું છું પણ આવતા મરણને જોઇ શકતો નથી. ક્ષણે ક્ષણે સંસારને યાદ કરી કરીને હું નરકગતિનો બંધ કરી રહ્યો છું તે જાણ્યું નહિ. (૩. ૮-૯)

મોહને પરાધીન થઇને મેં બહુ અધર્મ અને પાપ કર્યા. મારું કાર્ય સિદ્ધ થયું નહિ. મેં સાધુમાં સાધુની બુદ્ધિ ન રાખી. પર ઉપકારમાં શુદ્ધિ પણ ન રાખી તીર્થનો ઉદ્ધાર ન કર્યો. હું એમ જ જનમ હારી ગયો. (૩. ૧૦)

ગુરુનો ઉપદેશ સાંભળીને મારા મનમાં વૈરાગ્ય થયો નહિ. દુર્જનના વચનો સાંભળીને સમતા રાખી નહિ. અધ્યાત્મને લેશ પણ ધારણ કર્યો નહિ. હે ! દેવ ! હું સંસાર સાગરથી તરવા યોગ્ય કેવી રીતે છું ? (૩. ૧૧)

મેં પરભવમાં ધર્મ કર્યો છે કે નહિ એ જાણતો નથી. ગયા ભવમાં ધર્મ નથી કર્યો તેથી આ ભવમાં દીન

થયો છું. મારા ત્રણે ભવ નિષ્ફળ ગયા છે. હે! પ્રભુ! તમારા વિના અમારી પોકાર કોણ સાંભળશે? હૃદયમાં વિચાર કરીને મારી ભ્રમજાળ  તોડો તો આપની સેવા થશે (૧૩. ૧૨, ૧૩)

**(ચોથી ઢાળ)** હે! પ્રભુ! મારા અનેક પ્રકારના નિષ્ફળ ચરિત્રની વાત શું કામ કહું? આપ જગતના તમામ વર્તન એક સમયમાં જાણો છો. તમારાથી કંઇ અજાણ્યું નથી. (૪. ૧)

તમારી આગળ મારો જાણાવવાનો કોઇ અધિકાર નથી. આપ તો લોક અને અલોકના બધા વિચાર જાણો છો. (૪. ૨) તમે દીન અને હીનને ઉદ્ધરવામાં સમર્થ છો. તમારા જેવું બીજું કોઇ નથી. એટલે જ હું તમારું શરણ સ્વીકાર કરું છું. (૪. ૩)

તમારા જેવો કરુણાવંત બીજો કોઇ નથી અને મારા જેવો દીન-હીન કોઇ નથી. પ્રભુ! હું તમારી પાસે હું લક્ષ્મી કે નિધાન માંગતો નથી માત્ર મોક્ષ અપાવે એવો ધર્મ માંગું છું રત્નત્રયના નિધાન! મંગલનું સ્થાન! હે! પ્રભુ! મારું અખંડ કલ્યાણ કરો. (૪. ૪, ૫)

આ રીતે મહાવીર જિનેંદ્રનું સ્તવન કરતા આનંદ વર્તે છે. પ્રભુ પાસે રહેતા મારી નાવ ક્યારેય દરિયામાં ડૂબતી નથી. (૪. ૬)

જેમનું ઘોઘાબંદરમાં ઉદાર મંદીર છે, જે ધર્મરૂપી વહાણના મુખ્ય સ્તંભ સમાન છે. આ મંદિર સંસાર સમુદ્રને પાર કરવામાં સમર્થ છે તે શ્રીનવખંડા પાર્શ્વનાથ ભગવાનની કૃપાથી ભવભય નિર્બલ થયો અને વૃદ્ધિવિજયજી નામના ગુરુની સેવાથી મારા મનવાંછિત સિદ્ધ થયાં. (૪. ૭, ૮)

પ્રભુના ગુણોનું ધ્યાન કરવામાં ગંભીર, જૈન મતના પ્રેમી એવા કાલિદાસ ભટ્ટના આગ્રહથી મેં આ રચના કરી. હું કવિ પંડિત કે ધીર નથી. (૪. ૯) આ સ્તવનની રચના વિ. સં. ૧૯૨૬માં ઘોઘા ચોમાસામાં આસો વદ બારસના શુભદિવસે ઉલ્લાસથી કરી છે. (૪. ૧૦)

# ॥रत्नाकर स्तवन॥

॥ॐ नमः॥

रत्नाकरस्तवनं लिख्यते।
लक्ष्मी शिव कल्याणनी रे लोल, तस मंगल केलिनो गेह रे जिनेश्वर।
नरपति सुरपति पद नमे रे लोल, अतिशय ज्ञान अछेह रे जिनेश्वर॥१॥
चिरं जय ज्ञान कलानिधि रे लोल। (ए आंकणी)

त्रिजगजन आधार छो रे लोल, जय करुणा अवतार रे जिनेश्वर।
वारंता अति दोहिला रे लोल, जे संसार विकार रे जिनेश्वर॥२॥ चि०

कुसल वैद्य प्रभु तेहना रे लोल, तुमे छो टालणहार रे जिनेश्वर।
ते कारण तुम आगले रे लोल, अरज करुं सिरदार रे जिनेश्वर॥३॥ चि०

वीतराग अवधारीए रे लोल, विज्ञ अतुल जिनराज रे जिनेश्वर।
मुखभावे जे कहु रे लोल, वितीक किंचित आज रे जिनेश्वर॥४॥ चि०

सिसुलीला भावे भर्या रे लोल, बालक जेम अव्यक्त रे जिनेश्वर।
लज्जा विकल्प न ते करे रे लोल, केतां अनुचित कृत्य रे जिनेश्वर॥५॥ चि०

मावित्र आगल तेणि परे रे लोल, हीन आश्रय मन रीत रे जिनेश्वर।
जेम जेम वरते तेम कहुं रे लोल, मन संताप सहीत रे जिनेश्वर॥६॥ चि०

अभय सुपात्र में नवि दीयो रे लोल, दान जे दुरगति पील रे जिनेश्वर।
मन सुद्धे नवि पालीयो रे लोल, सदगति दायक शील रे जिनेश्वर॥७॥ चि०

करमहारण द्वादश विधे रे लोल, तप्यो न तप निसंस रे जिनेश्वर।
भवभयहरणी भावना रे लोल, सुभ मन भावि न अंश रे जिनेश्वर॥८॥ चि०

पुन्य संबल में नवि लीयो रे लोल, शी गति थास्ये देव रे जिनेश्वर।
आभव निष्फल मुज गयो रे लोल, मिटी अनादिनी टेव रे जिनेश्वर॥९॥

(ढाल २ जी)

सुणो वीर कहुं सिर नामी, सासनपति अंतर जामी।
प्रभु क्रोध अगनसे बलीयो, मद लोभ महोरग नडीयो॥१॥ सु०

गल्यो अजगर अभिमाने ज्ञानी, बांध्यो माया जाले तांणी।
गइ ईनवै वस सुध मेरी, केसे भक्ति करुं प्रभु तेरी॥२॥ सु०

नही परभव नो हित कीधो, नही आभवनो सुख लीधो।
प्रभु जन्म हमारो जाण्यो, संसार पुरणकु मान्यो॥३॥ सु०

मनहर वरतुल्य लक्षणे पूरो, तुम मुखचन्द्र जग दुःख चूरो।
आनंद रस देखी न पावे, मनडो कठन घन शैल्य हरावे॥४॥ सु०

मनसा निठुरनो कारण कर्म, तुं जाणे प्रभु ते सवि मर्म।
दुर्लभ बहु भवे तुमथी पायो, रत्नत्रयी मोहनींद गमायो॥५॥ सु०

तुमसो दीसे दयालु न कोय, पोकार सुणी दी[जि]ए गत धन मोय।
भयो परवंचन वैरागी, धर्म[उ]पदेशे करुं जन रागी॥६॥ सु०

विद्या भणी में जितन वादी, आतम हित न कीयो एकादी।
मुज हसवा योग्य चरित्र, प्रभु केता कहुं जगमित्र॥७॥ सु०

मुखडुं खीसे निंदा करी परनी, मेले नेन निरख पर रमणी।
परपीड करण चित धारी, प्रभु शी गति होस्ये हमारी॥८॥ सु०

कामदसा वसे संजमे अरति, संताप उर्हालु करती।
विषय अंधे विटम्ब्यो मे प्राणी, ते कही लाजे तुमे सहु जाणी॥९॥ सु०

कामण वशीकरणादि मंत्रे, हण्यो परमेष्ठी मंत्रे करी तंत्रे।
कामशास्त्र सिखन मन रंग, करुं आगमवाणी भंग॥१०॥ सु०

मति मम पानी कुदेव कुसंगे, देखो कुकर्म करुं बहु रंगे।
समकित रत्न विणास्यो ऐसे, हित सुख प्रभु मुज थास्ये केसे॥११॥ सु०

(ढाल ३जी)

दृगलक्षे आव्या प्रभुने मे छारी, मूढ गति हृदये ध्याई में नारी।
दृष्टि कटाक्ष कुच नाभि विशाल, कटि तटी मुखना विनोद रसाल॥१॥
साहिब सुणो त्रिशलानंद, मोहना मुखकंद।(आंकणि)

मृगनयणी सुख निरखे लाग्यो, तारक मन मेरो तब मल राग्यो।
न गयो निर्मल सुद्ध समुद्रे, धोता दुःख बहु दीयो ते हृदे॥२॥ सा०मो०

अंग चंग नही गुण गण कोय, निरमल कला विलास न जोय।
देदीप्यमान न को ठकुराई, जूठ गुमाने कदरथ्यो हुं सांई॥३॥ सा०मो०

आयु घटे न घटे अथ पापबुद्धि, गयो जीवन नही विषय कुबुद्धि।
उद्यम तनु पोषणनो न धर्म, नाथ विटम्ब्यो हुं मोह के भर्म॥४॥ सा०मो०

किहां आतम नही पुन्य न पाप, कटु भासे चिर नास्तिक आप।
ते पण सदही धिग मुज वाणी, केवलभानु छते प्रभु ज्ञानी॥५॥ सा०मो०
प्रभु पूज्या नही संघ पूज्या में, श्रावक धर्म न साधु रुच्या में।
सामग्री मनुजादिक पांमी, अरण्य रुदन करी नीकली में स्वामी॥६॥ सा०मो०

भरत न सुरगवी सुरतरु हमणा, सुरमणि अछते करी तस रटणा।
ध्यायो न धर्म प्रगट सुखदाई, मूरखता मुज देखो सांइ॥७॥ सा०मो०

उत्यम भोग भज्यो गणी लीला, नही जाण्यो ते रोगना खीला।
आगम धन तो अहनिश चांहु, आवतो मरण ते दिलमें न भावुं॥८॥ सा०मो०

खीणखीण समरी समरी न जाण्यो, नरकनी गतिनो बंध ज बाण्यो।
मोह विकल अधर्म बहु कीधो, पातिक मे नही कारज सीध्यो॥९॥ सा०मो०

न रही साधुमां साधु बुद्धि, परउपगार न जसनी सुधी।
न कर्यो तीरथ उद्धरणादिक [काज], धिक हार्यो में जन्म एक ज॥१०॥ सा०मो०

गुरु उपदेशे न थयो वैरागी, दुरजन वचने न समता लागी।
देव अध्यातम लेश न धार्यो, किम भव तरणे हुं योग्य हारो ॥११॥ सा०मो०

न कर्यो धर्म परभव भवमें, जाणु न करीसु अनागत जन्म।
गतभव धर्म न करी थयो दीनो, निष्फल नाठा मुज भव तीनो॥१२॥ सा०मो०

तुम विण कोण पोकार हमारी, सुणस्ये स्वामी हृदये विचारी।
भरमजाल जो तोडो मारी, थास्ये प्रभु [तो] सेवा तोरी॥१३॥ सा०मो०

(ढाल ४थी)

स्याने निष्फल बहुविध मारा, चरित्र तणी कहुं वात।
इन्द्रपूज्य एक समयमें जाणो, जगवरतन विख्यात।
हो स्वामी तुमथी कछुअ न छानो॥१॥

प्रभु आगे छे कितनोक महारो, जाणनको अधिकार।
भुवन विशेचित्त(षित) निश्चत जाणो, लोकालोक विचार हो स्वामी॥२॥तु०

दीनहीन तु उद्धरण धुरंधर, तुम सम अवर न कोइ ।
जगबंधु जगनायक जिनजी, शरण कर्यो में जोइ स्वामी॥३॥तु०

करुणावंत जिम नही तुम सरिखो, तिम हीन दयानो नाण।
ए जनमांहे न मोसो तोही, जाचु न कमला निधान हो स्वामी॥४॥तु०

तोस्युं अरहत एही ज केवल, फीरी धरम मीलन शिवरंग।
श्रीरत्नाकर मंगलसदन, कर कल्याण अभंग हो स्वामी॥५॥तु०

इम थुणता श्री वीर जिणंद, वरते आणंद पूर।
बुडे नही रत्नाकर तटे वसता, पास हजुर हो स्वामी॥६॥तु०

घोघा बंदर सुंदर मंदीर, सोहे जास उदार।
धर्म वाहनमें हुवा थंभ सम, करवा भवोदधि पार हो स्वामी॥७॥तु०

नवखंडा प्रभु पास पसाये, भवभय नबलो कीधो।
वृद्धिविजय गुरु पद सेवनसे, मन वंछित मुज सिध्यो हो स्वामी॥८॥तु०

कालीदास भट्ट जिनमति रसियो, जिन गुण ध्यान गंभीर।
तस आग्रहथी करी ए रचना, कवि पंडित न हु धीर हो स्वामी॥९॥तु०

संवत उगणीस अडवीस वरसे, करी घोघे चउमास।
आसो वदी बारस सुभ कारक, संघ सहित उलास हो स्वामी॥१०॥

॥इति श्री रत्नाकरस्तवनं सम्पूर्णम्॥

श्रीकल्याणसागरसूरीश्वरशिष्यविरचित

## ॥श्रीस्याद्वादगर्भितश्रीवीरस्तवन॥

# સ્યાદવાદગર્ભિતવીરજિનસ્તવન

આ સ્તવનનું નામ સ્યાદવાદગર્ભિતવીરજિનસ્તવન છે. તેની ત્રણ ઢાલ છે. પ્રત્યેક ઢાળમાં નવ નવ ગાથા છે. આમાં કુલ ૨૭ કડી છે. આ સ્તવનમાં સ્યાદ્વાદની સ્તુતિ કરવામાં આવી છે. પહેલી ઢાળમાં કેવલ નિત્યવાદ અને કેવલ અનિત્યવાદમાં દોષ દર્શાવવામાં આવ્યા છે. તેમાં દ્રવ્યાસ્તિક નય અને પર્યાયાસ્તિક નયની સમજ આપવામાં આવી છે. બીજી ઢાળમાં સપ્તભંગીનુ વર્ણન છે. ત્રીજી ઢાળમાં અશુદ્ધ પ્રરૂપણાના દોષો બતાવવામાં આવ્યા છે. અને શુદ્ધ પ્રરૂપણાના વખાણ કરવામાં આવ્યા છે. અંતમાં કવિએ ભગવાન પાસે શુદ્ધપ્રરૂપકતા ગુણની માંગણી કરી છે.

આ કૃતિના કર્તા કલ્યાણસાગરસૂરિજીના શિષ્ય છે. કર્તાએ પોતાનું નામ કૃતિમાં લખ્યું નથી.

**પ્રતનો બાહ્યપરિચય** —આ કૃતિની હસ્તપ્રત શ્રી ગુજરાતી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ-સંચાલિત હસ્તલિખિત ભંડારથી પ્રાપ્ત થઇ છે. ક્રમાંક–ડા. નં. ૧૬, પ્રત નં. ૧૦૧૫. પ્રતના બે પત્ર છે. દરેક પત્ર પર ૯ પંક્તિ છે. દરેક પંક્તિ પર ૩૮ અક્ષર છે. પ્રત સુવાચ્ય છે. લેખનપ્રશસ્તિ નથી. તેના આધારે લિપ્યંતર અને સંપાદન કર્યું છે. સ્તવનની ભાષા જેવી હતી તેવી જ રાખી છે. આના ૩ પત્ર છે. પ્રત્યેક પત્રમા ૧૩ પંક્તિ છે. અને પ્રત્યેક પંક્તિમાં ૩૩ અક્ષર છે. પ્રતના અક્ષરો સ્પષ્ટ છે. લખ્યા પછી પ્રતને સુધારવામાં આવી છે. લેખકે મંગલ તરીકે श्रीस्याद्वादाय नमः કરીને સ્યાદવાદને નમસ્કાર કર્યો છે.

આ કૃતિ આ. શ્રીકલ્યાણસાગરસૂરિજીના શિષ્યએ બનાવી છે. ગુજરાતી સાહિત્યકોશ ખંડ ૧ (મધ્યકાલ)માં આ અથવા આના જેવા નામની કૃતિની નોંધ મળે છે. (પત્ર નં ૧૪૮) તેમાં આ કૃતિ સ્યાદવાદગુણકથનવીર સ્તવનના નામે નોંધાઇ છે. મુદ્રિત નહિ હોવાને કારણે તે આ જ કૃતિ છે કે અન્ય તે કહી શકાતું નથી.

કૃતિના અંતે કર્તાએ પોતાના ગુરુનું નામ કલ્યાણસાગર એવું જણાવ્યું છે. કલ્યાણસાગરસૂરિ નામના બે આચાર્ય થયા છે.

એક- સોળમી સદીમાં અંચલગચ્છના કલ્યાણસાગરસૂરિ. બીજા - સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં થયેલા તપાગચ્છના કલ્યાણસાગરસૂરિ.

તપાગચ્છ કલ્યાણસાગરસૂરિ વિષે ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. અંચલગચ્છના કલ્યાણસાગરસૂરિનો જન્મ સં ૧૬૩૩ માં થયો હતો. અથવા સં. ૧૭૧૮માં થયો હતો. તેઓ વઢીયાર દેશના લોલાળા ગામના વતની હતા. તેમના પિતાનું નામ નાનિક કોઠારી હતું. માતાનું નામ નામિલદે હતું તેમનું નામ કોડણ હતું. તેમણે ૯ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી. તેમના ગુરુનું નામ ધર્મમૂર્તિ હતું. ૧૬ વર્ષની ઉંમરે સં ૧૬૪૯માં તેમને આચાર્યપદ મળ્યું હતું. ૧૭૩૭માં તેઓ ગચ્છનાયક થયા. તેમનો કાળધર્મ ભુજમાં થયો હતો. તેઓ અંચલ ગચ્છના પ્રભાવક આચાર્ય હતા. તેમણે અગડદત્ત રાસ, વીશવિહરમાનજિન ભાસ અને

ચોવીસજિન સ્તુતિ(કડી -૨૭) બનાવી છે. તે સિવાય પણ સ્તોત્ર સ્તવન બનાવ્યાં છે.[૧]

ગુજરાતી સાહિત્યકોશ ખંડ ૧ (મધ્યકાલ)માં ૨૯ કડીનું સ્યાદગુણકથનવીર સ્તવન નોંધાયેલું મળે છે. કૃતિમાં કલ્યાણસાગરસૂરિના નામનો ઉલ્લેખ છે. તે જોતાં આ કૃતિ અંચલગચ્છના કલ્યાણસાગરસૂરિના શિષ્ય જ્ઞાનસાગરની રચના છે તેવું અનુમાન થઇ શકે. તેમનું બીજું નામ ઉદયસાગરસૂરિ છે. સ્તવનને અંતે પુણ્યમહોદય એવો ઉલ્લેખ તેમના નામને ઇંગિત કરે છે. તેમનો જન્મ સં. ૧૭૬૩ માં થયો હતો. તેઓ નવાનગર (જામનગર) ના કોષ વંશના શા. કલ્યાણજીના પુત્ર હતા. તેમની માતાનું નામ જયવંતી હતું. તેમનુ નામ ઉદયચન્દ્ર ગોવર્ધન હતું. તેમણે ૧૭૭૭માં દીક્ષા લીધી હતી. કલ્યાણસાગરસૂરિની પરંપરામાં વિદ્યાસાગરસૂરિના શિષ્ય થયા. તેમનું દીક્ષા સમયનું નામ જ્ઞાનસાગર હતું સં. ૧૭૯૭માં તેમને આચાર્યપદ અને ગચ્છાધિપતિ પદ મળ્યું. તેમણે પારસીઓને ધર્મ સમજાવ્યો હતો. તેમનો કાળધર્મ સં ૧૮૨૬ આસો સુ ૨ ના થયો હતો. તેમની સાત રચનાઓનો ઉલ્લેખ મળે છે.

૧). ગુણવર્મા રાસ (૬ અધિકાર, ૯૫ ઢાળ ૪૩૭૧ કડી. રચના સં ૧૮૯૭)

૨) કલ્યાણસાગરસૂરિનો રાસ (૫૨ ઢાળ સં ૧૮૨૪ , રચના સં ૧૭૩૨. )

૩) ભાવપ્રકાશ- (૯ ઢાળ, રચના સં. ૧૯૮૭)

૪) સમકિતની સજ્ઝાય- રચના સં ૧૭૩૦

૫) ચોત્રીસ અતિશયના છંદ- (૧૧ કડી )

૬) સ્થુલભદ્ર સજ્ઝાય

૭) ષડ્ આવશ્યક સજ્ઝાય

આ સિવાય સ્નાત્ર પંચાશિકા (રચના સં ઇ ૧૭૩૮), કલ્પસૂત્ર લઘુવૃત્તિ (ઇ. ૧૭૪૮), શ્રાવકવૃત્તકથા, શાન્તિનાથ ચરિત્ર વગેરે પણ બનાવ્યા છે. મધ્ય કાળમાં જ્ઞાનસાગર નામના આઠ કૃતિકાર થયા છે. તેમાં કયા જ્ઞાનસાગરજીએ આ રચના કરી છે. નિશ્ચિત કહી શકાય તેવું નથી.

૧. સંદર્ભ- ગુજરાતી સાહિત્યકોશ ખંડ ૧ (મધ્યકાલ)પત્ર-૫૧

આ. શ્રીકલ્યાણસાગરસૂરીશ્વરજી શિષ્ય રચિત

# સ્યાદ્વાદગર્ભિતવીરજિનસ્તવન

(અર્થ)

**(ઢાલ ૧)**

ત્રિશલામાતાના પુત્ર શાસનપતિ મહાવીરદેવ તમારો જય થાઓ તમારી સામે હાથ જોડી હંમેશા વિનંતિ કરું છું કે સ્યાદ્વાદની પવિત્ર અને શુભ રીત પ્રકાશો. (૧)

આપ ભોગોનો ત્યાગ કરી યોગનો સ્વીકાર કરી સંયમી થયા. દ્રવ્યથી વાળનો અને ભાવથી ક\

ષાયનો લોચ કરી વિષયની તૃષ્ણાનું દમન કરીને પરીષહના સમૂહને જીતીને સમાધિદશા ધારણ કરી આત્માના સહજ સ્વભાવની ઋદ્ધિ પ્રાપ્ત કરી. (૨)

કેવળજ્ઞાનરૂપી સૂર્ય એવા આપ તીરથ સ્થાપવા માટે બુદ્ધિ અને કદાગ્રહરૂપી કાદવથી પાર ઉતારવા ધર્મની દેશના આપો છો. આ દેશના ભવ્યજીવોના શિવસુખનું કારણ થાય છે. (૩)

એકાંતનિત્યતાવાદમાં જે દોષ છે તે આપે દૂર કર્યાં. તેજ રીતે એકાંતઅનિત્યતા પક્ષનો પણ સ્વીકાર નથી કર્યો. આ બન્ને એકાંતરહિત નરસિંહની જેમ નિત્યાનિત્યપક્ષ તું કહે છે તે પક્ષની શ્રદ્ધા સમકિતી વિના કોણ કરી શકે ?(૪)

દ્રવ્યાસ્તિકનય એમ કહે છે કે— દ્રવ્ય જ નિત્ય છે અને અન્વયી છે. (અન્વયી = દરેક પદાર્થમાં એક સ્વરૂપે જણાય છે) તે અનેક આકાર ધારણ કરે છે પણ તેનો નાશ થતો નથી. અસત્ વસ્તુની ઉત્પત્તિ થતી નથી. સત્ વસ્તુનો નાશ થતો નથી. દ્રવ્યાસ્તિકનય એકાંતે અભેદ માને છે. (૫)

પર્યાયસ્તિકનય એમ કહે છે કે— વસ્તુની વસ્તુતા ગુણના સમૂહથી જ હોય છે. દ્રવ્ય અને પર્યાય માટે ભિન્ન શબ્દનો પ્રયોગ થાય છે, તે કાર્યના બે ભેદને કારણે છે. દ્રવ્ય ઘણા બધા ધર્મનો સમુદાય છે તેથી અતિરિક્ત નથી. આ રીતે પર્યાયાસ્તિક નય પ્રતિષેધ પ્રધાન છે. આ બન્ને નયને તે અર્પિત-અનર્પિત રૂપે સિદ્ધ કર્યા છે તેથી તે બન્ને તારા આગમમાં વ્યાપી ગયા છે. આ બન્ને નયને સ્યાત્ પદનું રસાયણ આપી તે ધારણ કર્યા છે તેથી તે ખરાબ ધાતુ જેવા હોવા છતાં સોના રૂપે ફેરવાઇ ગયા છે. (૬)

જે વસ્તુ જે સ્વરૂપે હોય તે સ્વરૂપને તેનો અસ્તિતાધર્મ કહેવાય છે. વસ્તુમાં બીજા ધર્મો ન હોવા તે તેમની નાસ્તિતા છે. અસ્તિતા નાસ્તિતા સ્વભાવી અને ક્રમભાવી વિશેષ ધર્મથી થાય છે(૮)

ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય આ ત્રણ ધર્મ જેમાં હોય તે સત્ કહેવાય છે. તેને વસ્તુ કહેવાય છે. તેમાં એકનો પણ અસ્વીકાર કરીએ તો બીજા બે પણ અસ્વીકૃત બની જાય છે. દ્રવ્ય એ કારણ છે, ગુણ અને પર્યાય કાર્ય છે. આ દ્રવ્યપર્યાયવાદ સદાગમમાં રહે છે. (૯)

### (ઢાળ ૨)

ભગવાન તમારું આગમ ધન્ય છે. જેમાં સ્યાદવાદનું વર્ણન છે. તે આગમ સાંભળીને ઉપયોગમાં રાખીએ તો સમરસનો સ્વાદ ચાખવા મળે છે. (૨. ૧)(૧૦)

વસ્તુના અનંત ધર્મ છે. તેમા પ્રધાન રૂપે જે શબ્દથી અર્પિત થઇને ઉચ્ચારાય છે તે સ્યાદસ્તિ પહેલો ભંગ છે. (૨. ૨)(૧૧)

જેમાં પર ધર્મની નાસ્તિતા મુખ્ય રીતે કહેવાય છે તે બીજો ભેદ છે. (૨. ૩)(૧૨)

એક સમયે વસ્તુમાં રહેનારા અને નહીં રહેનારા ધર્મની એક સાથે ગવેષણા કરવામાં આવે ત્યારે ત્રીજો અવક્તવ્ય ભંગ થાય છે. એમ શાસ્ત્રમાં કહ્યું છે. (૨. ૪)(૧૩)

અનુક્રમે અસ્તિ અને નાસ્તિ ધર્મની સમાનપણે ગવેષણા કરતાં ઉભયપ્રધાન સ્યાદ્ અસ્તિ સ્યાદ્ નાસ્તિ ચોથો ભંગ થાય છે. (૨. ૫)(૧૪)

વસ્તુમાં જે ધર્મ રહે છે તે ધર્મ અને અવક્તવ્ય ધર્મ આ બન્ને ધર્મની ક્રમથી વિવક્ષા કરવાથી સ્યાદ્ અસ્તિ સ્યાદ્ અવક્તવ્ય ભંગ થાય છે. (પોતાના ગુણ અને બીજાના ગુણ એક સાથે એક શબ્દથી કહેવાની વિવક્ષામાં સ્યાદ્ અવક્તવ્ય ભંગ થાય છે.) તેમાં દ્રવ્ય ગુણ પર્યાય વગેરે વિષય બને છે. (૨. ૬)(૧૫)

નાસ્તિતા ધર્મને પ્રધાન કરીને અને અવક્તવ્ય ધર્મને અથવા સમાનપણે ઉભય ધર્મની વિવક્ષા કરવાથી સ્યાદ્ નાસ્તિ અવક્તવ્ય એવો ભંગ થાય છે. (૨. ૭)(૧૬)

પોતાના પર્યાય, પરના પર્યાય અને ઉભયપર્યાય આ ત્રણની અનુક્રમે વિવક્ષા કરવાથી સ્યાદ્ અસ્તિ સ્યાદ્ નાસ્તિ સ્યાદ્ અવક્તવ્ય એવો ભંગ થાય છે. (૨. ૮)(૧૭)

તત્ત્વાર્થભાષ્ય અને તત્ત્વાર્થ વૃત્તિમાં ઘણી સપ્તભંગી દર્શાવી છે તેને બહુશ્રુત ગુરુમુખે સાંભળીને મનની ભ્રાંતિને ભાંગીએ. (૨. ૯)(૧૮)

### (ઢાળ ૩)

જગતના નાયક, સ્યાદવાદી, સુખના દાયક શ્રીમહાવીરસ્વામી ભગવાનનો જય થાઓ. જે દિવસે તમારું મુખ જોઉં છું તે દિવસ ધન્ય છે. મન-વચન-કાયાથી તમને પ્રણામ કરું છું(૩. ૧)(૧૯)

તારા આગમના અપૂર્વ ભાવ સાંભળતાં જે આનંદ થાય છે તે સજ્જનોની સંગતિથી તેમ જ અનુભૂતિથી જ સમજાય છે, મોઢાંથી કહી શકાય તેવા નથી. (૩. ૨)(૨૦)

તું મારો સાહેબ છે, હું તારો સેવક છું. આપ દયાળુ છો. કૃપા કરીને મોહની જંજાળ ભાંગો અને દર્શન-જ્ઞાન- વિગેરે ગુણોનો ભોક્તા બનાવો. (૩. ૩) (૨૧)

જે શ્રુતના ધારક હોવા છતા અશુદ્ધ પ્રરૂપણા કરે છે, મનમાં અતિ અહંકાર ધારણ કરે છે તેઓ પોતે પણ દુર્ગતિમાં પડે છે, બીજાને પાડે છે. તેમનો કોણ આધાર છે?(૩. ૪) (૨૨)

જે મુખથી ઉદ્‌ભટ ભાષા બોલે છે તે શાસનથી દૂર છે. તે પાપથી પેટ ભરીને નરક અને નિગોદમાં જવાના છે. (૩. ૫) (૨૩)

સૂત્રથી વિરુદ્ધ પ્રરૂપણા આશાતનાથી મોટું પાપ છે. જે જાણવા છતાં પણ જૂઠું બોલે છે તે આત્માનું અહિત કરે છે. (૩. ૬) (૨૪)

તે માટે તમારા ચરણ કમલમાં નમસ્કાર કરીને વારંવાર એક જ ગુણ માંગુ છું— મને શુદ્ધપ્રરૂપકતા ગુણ આપો. તમે આત્માના આધાર છો. (૩. ૭) (૨૫)

આ ભવમાં કે પરભવમાં જે પ્રભુ આગમથી વિરુદ્ધ પ્રકાશ્યું હોય તેનું તમારી સમક્ષ મિચ્છા મિ દુક્કડં માંગું છું. (૩. ૮) (૨૬)

આ. શ્રીકલ્યાણસાગરસૂરીશ્વરજી મ. દેવોના ગુરુ બૃહસ્પતિની જેમ શ્રુતના ધારક છે. ગુરુની સેવાથી પુણ્યનો ઉદય અને પ્રવચનનો સાર પ્રાપ્ત થાય છે. (૩. ૯) (૨૭)

**श्रीकल्याणसागरसूरीश्वरशिष्यविरचित**

# ॥श्रीस्याद्वादगर्भितश्रीवीरस्तवन॥

**॥श्रीस्याद्वादाय नमः॥**

त्रिशलामात सुजात जयो शासनपती रे, तुज आगे करजोडि करुं नित वीनती रे।
स्याद्वाद शुभरीत पुनीत प्रकाशीइं रे, तुज आगममां जेम यथारथ भासीइं रे॥आ०॥१॥

भोग त्यजी भजी योग थयो तु संयमी रे, द्रव्य भाव करी लोच विषय तृष्णा दमी रे।
जीती परिसह वर्ग समाधि दशा धरी रे, सहज स्वभावनी ऋद्धि ते भोग्यपणे करी रे॥आ०॥२॥

केवलज्ञान दिवाकर तीरथ थापवा रे, कुमति कदाग्रह कंप(पंक)थी पार ऊतारवा रे।
भाखें तुं जगनाथ सुदेसना धर्मनी रे, भवि जनने ते हेतु होइ शिवशर्मनी रे॥आ०॥३॥

केवल नित्यता वाद सदूषण परिहर्यो रे, तिम हीं अनित्यता पक्ष सदाश्रय नवि कर्यो रे।
उभय रहित नरसिंह परै जे तुं कहे रे, समकित विण कहो कोण ते पक्षनें सद्दहे रे॥४॥

द्रव्यास्तिक कहे द्रव्य सनातन अन्वयी रे, भासे नानाकार धरे पणि अव्ययी रे।
नवि अछतो उत्पाद छतो न विनाशीइं रे। एक अभेद एकांत पणे इम भासीइ रे॥आ०॥५॥

गुणगणना समुदायथी वस्तुनी वस्तुता रे, साध्य विज्ञान ते कारज भेदथी प्रस्तुता रे।
बहुविध धर्मनो योग ते द्रव्य तुमे गण्यो रे, इम प्रतिषेध प्रधान पर्यायास्तिक भण्यो रे॥आ०॥६॥

अर्पितानर्पित सिद्ध करी ते थापीया रे, तिणे तुज आगममांहि बिहुं मिली व्यापीया रे।
स्यात् पद परम रसायन देइ धर्यो रे, कुधातु पणि कंचन थइ ते परवर्या रे॥आ०॥७॥

जेह प्रमाणे जेम वस्तुनी अस्तिता रे, तिम हि ज लाभे तिणमें परनी नास्तिता रे।
सहभावी क्रमभावी धर्म विशेषथी रे, थापे तुं स्याद्वाद प्रभु अविगानथी रे॥आ०॥८॥

उत्पाद व्यय ध्रौव्यता वस्तुपणुं भजे रे, एक निषेधइ तेहमां अवर सवे त्यजइ रे।
द्रव्य गुण पर्याय कारणकार्यपणुं लहे रे, एह यथारथवाद सदागममां रहे रे॥आ०॥९॥

(विमल कमलदल आंखडी जी ए देसी)

धन धन आगम ताहरो जी, भाखीइ जिहां स्याद्वाद।
निसुणि उपयोगमां राखीइ जी, चाखीइ समरस स्वाद॥ध०॥१॥

वस्तुना धर्म अनंतमैं जी, मुख्यपणें करी जेह।
शब्दथी अर्पित उच्चरे जी, स्यादस्ति प्रथम छे एह॥ध०॥२॥

परतणा धर्मनी जेहमां जी, नास्तितता मुख्य वखाण।
वस्तुनी वस्तुता साधता जी, बीजो ए भेद प्रमाण॥ध०॥३॥

सदसदधर्म गवेषणा जी, एक काले होइ जेण।
तृतीय भांगे अवक्तव्यता जी, शास्त्रमां भाखिइं तेण॥ध०॥४॥

अनुक्रमै धर्म गवेषतां जी, समपणे उभय प्रधान।
अस्तिनास्ति इम बोलीइं जी, स्यात्पद संयुत जाण॥ध०॥५॥

वर्तता धर्मनी मुख्यता जी, वली निज पर गुण भास।
अस्ति अवक्तव्य इम लहो जी, द्रव्य गुण पर्याय वास॥ध०॥६॥

नास्तितता धुरी करी समपणेन जी, उभयनी एषणा जाण।
नास्ति अवक्तव्यता एहवुं जी, शब्दथी बोलीइ तांम॥ध०॥७॥

अस्ति नास्ति अवक्तव्यता जी, निजपर उभय पर्याय।
अनुक्रमे समपणें इच्छतां जी, सातमो भेद ए थाय॥ध०॥८॥

भाष्य तत्त्वारथ वृत्तिमां जी, सप्तभंगी बहु हुंत।
बहुश्रुत गुरुमुख सांभली जी, भांगीइ मन तणी भ्रांत॥ध०॥९॥

(आदरी जीव खमा गुण आदरी ए देशी)

श्री जिनवीर जयो जगनायक, स्यादवाद सुखदाय जी।
धन मुज ते दिन तुज मुख निरख(ख्यो), त्रिविधइं प्रणमुं पाय जी॥१॥

तुज आगममां भाव अपूरव, सुणतां आनंद थाय जी।
सज्जनसंगे अनुभव रंगे, मुखथी ते न कहाय जी॥२॥

तुं मुज साहिब हुं तुज सेवक, कृपा करीने दयाल जी।
दर्शन ज्ञानादिक गुण भोगी, भांजो मोह जंजाल जी॥३॥

अशुद्ध प्ररूपक जे श्रुतधारी, मन धरै अति अहंकारी जी।
आप पडे तिम परने पाडे, तेहनो कुण आधार जी॥४॥

जे मुख भाखे उद्भट भाषा, ते शासनथी दूर जी।
पापे पिंड भरीने थास्ये, नरक निगोद हजूर जी॥५॥

सर्व आशातनथी पण मोटुं, विरुद्ध प्ररुपक पाप जी।
जाणंता पण बोले जुठु तेह विगोवे आप जी ॥६॥

ते माटे हुं तुज पद प्रणमी, मांगु वारोवार जी।
शुद्ध प्ररुपकता मुज दीजे, आतमचा आधार जी॥७॥

इह भव परभव प्रभु आगमथी, विरुद्ध प्रकास्युं जेह जी।
तुम्ह साखे श्री वीर जिनेश्वर मिच्छा दुक्कडं तेह जी॥८॥

श्रीकल्याणसागरसूरीश्वर, सुरगुरुसम श्रुतधारी जी।
गुरुसेवाथी पुण्य महोदय, लहीइ प्रवचन सार जी॥९॥

॥इति श्रीस्याद्वादगर्भितश्रीवीरस्तवनम्॥

भूधरकविकृत

## ॥आत्मनिंदागर्भित नेमिनाथ जिनस्तवन॥

# આત્મનિંદાગર્ભિત નેમિનાથ ભગવાનનું સ્તવન

પ્રસ્તુત લેખમાં ભૂધર કવિ રચિત નેમિનાથ ભગવાનનું સ્તવન પ્રસ્તુત છે. આના કર્તા ભૂધર નામના કવિ છે. સત્તરમી સદીમાં ભૂધર નામના ચાર કવિઓની નોંધ ગુજરાતી સાહિત્ય કોશમાં મળે છે.[૧] તેમાંના બે કવિ જૈન છે. અઢારમી સદીના ઉત્તરાર્ધમાં લોકાંગચ્છના જસરાજના શિષ્ય ભૂધર મુનિ થયા છે. તેમણે જંબૂકુમાર રાસ (રચના ઇ ૧૭૫૧) અષ્ટકર્મ તપાવલી સજ્ઝાય (રચના ઇ ૧૭૬૪) તથા ચિત્ત ચેતવાની ચોસઠી (રચના ઇ ૧૭૬૩, સંવત ૧૮૨૦)ની રચના કરી છે. અન્ય અજ્ઞાત ભૂધર કવિએ કામકંદર્પની સજ્ઝાય ( કડી ૮) તથા જીવદયા છંદ (કડી ૧૧)ની રચના કરી છે. આ સિવાય આગ્રાના ભૂધરમલ નામના કવિએ શતકની રચના કરી છે. તેની હસ્તપ્રત ઉજ્જૈન ખારાકૂવાના હસ્તપ્રત સંગ્રહમાં છે. પ્રસ્તુત સ્તવનના કર્તા ભૂધર કવિ કોણ છે ? તે સામગ્રીના અભાવે નિશ્ચિતપણે કહી શકાતું નથી. આ સ્તવનનું સંપાદન એક છૂટક પાના ઉપર લખાયેલ પ્રત પરથી કરવામાં આવ્યું છે. તેનું એક જ પત્ર છે. પત્ર પર ૧૪ પંક્તિ છે અને પ્રત્યેક પંક્તિમાં ૪૪ અક્ષરો છે. પ્રત ઓગણીસમી સદીમાં લખાઇ હોય તેવું જણાય છે.

## કૃતિ પરિચય :

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ઇષ્ટદેવતાની સ્તવના પરક રચનાઓ વિપુલ પ્રમાણમાં થઇ છે. જૈન સાહિત્યમાં ચોવીસ તીર્થંકરોની સ્તુતિ બે રીતે થાય છે, એક, તીર્થંકરોનો મહિમા તથા ગુણોનું વર્ણન કરતી સ્તુતિ. બે, આત્માના દોષોનું વર્ણન કરતી સ્તુતિ. પ્રસ્તુત સ્તવનમાં તીર્થંકર શ્રીનેમિનાથ ભગવાનની સ્તવના કરવામાં આવી છે. આ કૃતિની અઢાર ગાથા છે. તેમાં ચારગતિ રૂપ સંસારમાં ભમતાં જીવ કેવા દુઃખ સહન કરે છે ? તેનું પ્રભુ સન્મુખ નિવેદન કરવામા આવ્યું છે અને દુઃખમાંથી બચાવવા ભગવાનને વિનંતિ કરવામાં આવી છે. સ્તવનનો સામાન્ય શબ્દાર્થ અહિં પ્રસ્તુત છે.

હે ત્રણ ભુવનના નાથ! કરુણાનિધાન નામવંત અંતરયામી મારી વિનંતિ સાંભળો. (૧)

હું તમારો દાસ છું. અતિ ભારે દુઃખી છું અને તમે દુઃખ દૂર કરનાર યાદવોના પતિ છો. (૨)

ઘણી બધી વિપત્તિઓના ભંડાર સમાન આ સંસારમાં હું લાંબો સમય ભમ્યો છું. અસાર સંસારમાં હું ચારે ગતિમાં ભટકયો છું. (૩)

સંસારમાં દુઃખ મેરુ સમાન છે. સુખ સરસવના દાણા જેટલું છે. એવું જ્ઞાન રૂપી ત્રાજવા પર તુલના કરીને મેં જાણ્યું. (૪)

સંસારમાં મેં સ્થાવર શરીર પ્રાપ્ત કર્યું ત્રસપણું પ્રાપ્ત કર્યું. કર્મથી કંથવા જેવા જીવ રૂપે પ્રસિદ્ધ થયો.

---

૧. ગુજરાતી સાહિત્ય કોશ, ખંડ એક, (મધ્યકાળ)૨૮૭, સં. જયંત કોઠારી, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ

ત્યાંથી મરીને ભમરો થયો. (૫)

એ રીતે અનેક પ્રકારની પશુની કાયા મેં ધારણ કરી. હું જલચર સ્થલચર, અને ખેચર પક્ષી થયો. (૬)

નરકમાં ઘણું બધું દુઃખ છે. જ્યાં ઘોર અંધારુ છે. (સાતમી ગાથાની પાંચમી અડધી લાઇન સમજાતી નથી) (૭)

કોઇ અસુર પોતાનું વેર વિચારીને મારે છે. નિર્દય નારકી જીવોને સાથે બાંધીને મારે છે. (૮)

મનુષ્યભવના અવતારમાં હુ ગર્ભમાં રહ્યો છું. (૯)

જન્મે ત્યારે કેવી વેદના હોય છે? તે જીવ રાડ પાડીને રડે છે. યૌવન વયમાં કોઈના શરીરમાં રોગ હોય છે. કોઈ પ્રિયના વિરહમાં દુઃખી હોય છે. જ્યારે વૃદ્ધપણાની વેદના જાગે છે ત્યારે ભોગની ઈચ્છા થાય છે. (૧૦)

દેવલોકની પદવી પ્રાપ્ત કરી મનમાં રંભાનુ ધ્યાન કરી બીજા દેવની સંપત્તિ જોઈને ઈર્ષા કરી. (૧૧)

દેવલોકમાં છ મહિના આયુષ્ય બાકી રહેતા માળા કરમાઇ ગઇ. આ રીતે આર્તધ્યાન થયું. સ્થિતિ પૂર્ણ થતા મરીને ત્યાંથી ચ્યવન થયું. (૧૨)

પ્રભુ! તમારા વિના મેં ઘણાં દુઃખ ભોગવ્યા છે. તે કહેતા પાર આવે તેમ નથી. (૧૩)

હું સંસારમાં મદમસ્ત હતો. મેં ક્યારેય પણ મારું સારું વિચાર્યું નથી. તમે સુખના દાતા છો, જગતના ત્રાતા છો એવું મે જાણ્યું નહીં. (૧૪)

ભાગ્યથી તમે મળ્યા છો. ગુણના ધામ છો, શરણે આવેલાના સહાયક છો તેમ જ મારા શરણ છો. મારી ભવબાધા ને પૂરી કરો. (૧૫)

સંસાર રૂપી વસવાટમાં મારા ફેરા ન થાય અને સારું મોક્ષનું સુખ મળે તેમ કરો. (૧૬)

તમે શરણ છો, તમે સહાયક છો, તમે સ્વજન છો, તમે માતા છો, તમે પિતા છો, તમે ભાઈ છો. મારી ઉપર દયા કરો (૧૭)

ભૂધર નામનો સેવક હાથ જોડીને આપના ઉંબરા ઉપર ઊભો છે. તમારા દાસને નીહાળીને નિર્ભય કરો. (૧૮)

૧-૮-૨૦૧૫, શનિવાર

भूधर कविकृत

# ॥आत्मनिंदागर्भितनेमिजिन स्तवन॥

॥जिनेन्द्रेभ्यो नमः॥

त्रिभुवनगुरु स्वामि जी, करुणानिधि नामि जी, सुण अंतरजामि म्हारी विनति जी॥१॥
मैं दास तुम्हारा जी, दुखिया अतिभारा जी, दुःख मेटनहारा तुम्ह जादोपति जी॥२॥
भमियो संसारा जी, चिर विपत भंडारा जी, एह संसार असारा चहु गति डोलीयो जी॥३॥
दुःख मेरु समाणा जी, सुख सरसों का दाणा जी, एह अब जाने ज्ञान तराजु तोलियो जी॥४॥
थावर तन पायो जी, तस नाम धरायो जी, करम कुंथुं कहायो मर भमरा हुवा जी॥५॥
पशु काया सारी जी, नाणाविध धारी जी, जलचारी थलचारी उडन पंखेरुवा जी॥६॥
नरकन के मांहि जी, दुख अउर कहाई जी, जहां हय गीअंध घोर सरताखारकी जी॥७॥
कुण असुर संघारै जी, निज वैर विचारी जी, मिल बांधै और मारै निरदै नारकी जी॥८॥
मानुष भव अवतारो जी, रह्या गर्भ मझारो जी, अराट रोवै जब जन्मै तिवारे की वेदनाजी॥९॥
जोबन तन रोगी जी, कोइ विरह वियोगी जी, अब भोगी जब वृद्धपनेकी वेदना जी॥१०॥
सुरपदवी पायी जी, रंभा उर ल्याइ जी, तहा देख पराइ संपत झूरियो जी॥११॥
माला कुमालाणी जी, तव आरत वाणिजी, थित पूर्ण वाणी मृत बसुरियो जी॥१२॥
प्रभु तुम्ह केडेजी, भुगते बहोतेरे जी, मेरे कुछ कहते पार होय न हि जी॥१३॥
मे था मदमाता जी, धाइहि निजी साता जी, सुखदाता जगपराता तुमे जाना नही जी॥१४॥
प्रभु भागे पायो जी, गुणसरण सहायो जी, अब सरण तुम्हेरि भवबाधा हरो जी॥१५॥
भववास बसेरा जी, फिर होय न फेरा जी, सुख पामि जिम चेरा प्रभु तिम किजीये जी॥१६॥
तुम्ह शरण सहारो जी, तुम्ह साजन भाई जी, तुम्ह माई तुम्ह तात दया मुझ किजीये जी॥१७॥
भूदर कर जोडै जी, ठाडे प्रभु ओडै जी, निज दास निहारै निरभै किजीये जी॥१८॥

॥इति स्तवनम्॥

आचार्यश्रीज्ञानविमलसूरिरचित

# ॥प्रणिधानादिआशयगर्भितसाधारणजिनस्तवन॥

# પ્રણિધાનાદિ આશય ગર્ભિત સાધારણ જિનસ્તવન

પ્રસ્તુત કૃતિનું નામ 'અધ્યાત્મમહિમાગર્ભિત સાધારણ જિનસ્તવન' એવું પ્રચલિત છે. પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂ. મ. એ અધ્યાત્મ નામ ધરાવતાં ચાર સાધારણ જિન સ્તવનો રચ્યાં છે. તે બધાંથી આ સ્તવનને જૂદું દર્શાવવા તેના વિષયને અનુરૂપ 'પ્રણિધાનાદિ આશય ગર્ભિત સાધારણ જિનસ્તવન' નામ રાખ્યું છે.

આ કૃતિ પૂર્વે પ્રગટ થઇ છે છતાં તેનો વિષય બહુ ઉપયોગી હોવાથી અહીં અનુવાદ સાથે પ્રગટ કરી છે. પૂ. આ. ભ. શ્રી હરિભદ્રસૂ. મ. એ યોગવિંશિકા, ષોડશક, યોગબિંદુ વિગેરે ગ્રંથોમાં રજૂ કરેલા પ્રણિધાન વગેરે આશયનું વિવરણ અહીં સરળ શબ્દોમાં પ્રસ્તુત થયું છે.

આ કૃતિની હસ્તપ્રત શ્રી ગુજરાતી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ-સંચાલિત હસ્તલિખિત ભંડારથી પ્રાપ્ત થઇ છે. ક્રમાંક–ડા. નં. ૮, પ્રત નં. ૪૧૫. પ્રતના બે પત્ર છે. દરેક પત્ર પર ૯ પંક્તિ છે. દરેક પંક્તિ પર ૩૮ અક્ષર છે. પ્રત સુવાચ્ય છે. લેખનપ્રશસ્તિ નથી. તેના આધારે લિપ્યંતર અને સંપાદન કર્યું છે. સ્તવનની ભાષા જેવી હતી તેવી જ રાખી છે. જ્ઞાનવિમલભક્તિપ્રકાશ (સંપા. કીર્તિદા જોશી)માં પ્રાપ્ત થયેલ સ્તવન સાથે સરખાવી પાઠાંતરની નોંધ કરી છે. આ પ્રત સુ. બાબુભાઇ સરેમલજી અમદાવાદ દ્વારા પ્રાપ્ત થઇ છે.

કૃતિની પાંચ ઢાળ છે. ગાથા સંખ્યા ૨૮ છે. રચના સંવત મળતો નથી. કર્તાની માહિતી માટે જ્ઞાનવિમલ ભક્તિપ્રકાશ જોઇ લેવા અનુરોધ છે.

સા. શ્રીહર્ષરેખાશ્રીજીમ. નાં શિષ્યા
-સા. જિનરત્નાશ્રી

## आचार्यश्रीज्ञानविमलसूरिरचित

# ॥प्रणिधानादिआशयगर्भितसाधारणजिनस्तवन॥

### (ઢાળ-૧)

### (कमलनी दल जल भरी जब आया ए देशी)

[गाथा] **श्री जिनवर जब ध्यानमें आया, अशुभ करम तव दूरि उडाया।**
**मेरे सांई रे दिन सफल थयो, समकित दिनकर प्रगट भयो॥ मेरे०॥१॥**

[अर्थ] શ્રી જિનવર જ્યારે ધ્યાનમાં આવ્યા ત્યારે અશુભ કર્મ દૂર ઉડી ગયા. મારા સ્વામિ! મારો દિવસ સફલ થયો. (મારા આત્મામાં ) સમકિત રૂપી સૂર્ય પ્રગટ થયો (૧)

[गाथा] **प्रणिधानादिक पंच प्रकारे, शुभ आशय होइ तुम उपगारइ॥ मेरे०॥२॥**

[अर्थ] (હે પ્રભુ!) તમારા ઉપકારથી પ્રણિધાન વગેરે પાંચ પ્રકારનો શુભ આશય જન્મે છે.

[गाथा] **प्रणधि प्रवृत्ति विघनजय अने सिद्धि, विनियोग पंच ए करणनी बुद्धि॥ मेरे०॥३॥**

[अर्थ] પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ એ પાંચ અધ્યવસાય આશય કહેવાય છે.

[गाथा] **प्रणधि ते अविचलित भावि रहवुं, करुणानुगत सवि जंतुनुं वहवुं॥ मेरे०॥४॥**
**निर्गुण ऊपरि द्वेष नवि धरवो, निरवद्य वस्तुनो प्रयतन करवो॥ मेरे०॥५॥**
**परउपगार करण करी सार, प्रथम प्रणिधिनो एह विचार॥ मेरे०॥६॥**
**प्रणधि अपूरव ग्रंथि विभेदइ, ज्ञानविमल गुणथी इम वेदइ[१]॥ मेरे०॥७॥**

[अर्थ] ચોથી, પાંચમી છટ્ઠી અને સાતમી કડીમાં પ્રણિધાન નામના આશયના લક્ષણનું વર્ણન છે. પ્રણિધાનનાં પાંચ લક્ષણ છે.

૧) પ્રણિધાન એટલે અવિચલ ભાવ જે ભાવ લક્ષણ પૂરું ન થાય ત્યાં સુધી સ્થિર રહે.

૨) પોતાનાથી ઓછા ગુણવાળા જીવો પ્રત્યે કરુણાનો ભાવ પ્રણિધાનનું બીજું લક્ષણ છે.

૩) બિલકુલ ગુણ વગરના જીવો ઉપર દ્વેષ ન કરવો એ પ્રણિધાનનું ત્રીજું લક્ષણ છે.

૪) પાપરહિત ઉપાયોનું આસેવન પ્રણિધાનનું ચોથું લક્ષણ છે.

૫) હંમેશા બીજા ઉપર ઉપકાર કરવાની મનોવૃત્તિ પ્રણિધાનનું પાંચમું લક્ષણ છે.

આ પહેલા પ્રણિધાન આશયનો વિચાર છે. પ્રણિધાનથી અપૂર્વકરણ દ્વારા ગ્રંથિભેદ થાય છે. નિર્મલ એવા જ્ઞાન ગુણથી તે જણાય છે. આમ, પહેલી ઢાળમાં પૂ. સૂરિદેવે પ્રસ્તાવના તથા પ્રણિધાન નામના આશયનું વર્ણન કર્યું છે.

---

१. वदे ज्ञानविमलभक्तिप्रकाश पत्र-१००

## (ઢાળ-૨)

### (राम सीताने धीज करावै ए देशी)

[गाथा] हवि प्रवृत्तिगुण कहीये रे, शुभ आशय बीजो लहइ।
तिहां धर्मस्थान प्रवृत्ति रे, क्रिया रूपी चित्त निवृत्ति॥८॥

शुभसार निपुणता योगि रे, अतियत्नस्युं निज अभियोगि।
उत्सुकतारहित विवेकि रे, अभिलाषतणै अतिरेकइं॥९॥

अधिकृत जे धर्मनुं काम रे, थिरतादिक गुण अभिराम।
निद्रासन असन[१] नै विकथा रे, जय कीजइं तो नवि वितथा॥१०॥

नवि कीजे असज्जन संग रे, गुण वाधि सज्जन संगें।
ज्ञानविमलतणा गुण प्रगटिं रे, तो प्रणिधि प्रवृत्ति नवि घटै॥११॥

[अर्थ] બીજી ઢાળમાં પૂ. સૂરિદેવે પ્રવૃત્તિ નામના આશયનું વર્ણન કર્યું છે. જેનુ પ્રણિધાન કર્યું હોય તે ધર્મસ્થાનને ક્રિયામાં ઉતારવાનો ભાવ પ્રવૃત્તિ નામનો આશય છે. ક્રિયા કરતી વખતે ચિત્તની નિવૃત્તિ થાય તે પ્રવૃત્તિ આશય કહેવાય છે. આ આશયનાં છ લક્ષણ છે.

૧) નિપુણતા, ૨) ક્રિયામાં આગ્રહપૂર્વકનો યત્ન, ૩) ઉત્સુક્તાનો અભાવ

૪) વિવેકબુદ્ધિ ૫) ક્રિયા કરવાની ઉત્કટ અભિલાષા ૬) જે ધર્મ ક્રિયા કરતા હોય તેમાં સ્થિરતા.

આ છ પ્રવૃત્તિ નામના આશયના લક્ષણ છે. પ્રવૃત્તિ નામના આશયની બાધક પાંચ નબળાઇઓ પણ છે.

૧) ઉંઘ ૨) આસન ૩) આહાર ૪) વિકથા ૫) ખરાબ માણસોનો સંગ.

આ પાંચે પ્રકારની નબળાઇ બચવાના તથા તેને દૂર કરવાના ઉપાય અહીં જણાવ્યા છે.

૧) નિદ્રાજય કરવો. આળસ છોડવી

૨) એક આસનમાં લાંબો સમય રહી શકાય તેવી સ્થિરતા કેળવવી. કાયાની મમતાનો ત્યાગ કરવો.

૩) પ્રતિકૂલ કે વિરુદ્ધ આહારનો ત્યાગ કરવો.

૪) નકામી વાતોમાં સમય બરબાદ કરવો નહીં, સ્વાધ્યાય કરવો.

૫) સારા માણસોના સંપર્કમાં રહેવું.

આ રીતે પ્રવૃત્તિ કરવાથી સજ્જન પુરુષોના ગુણો વધે છે, આત્માના ગુણો પ્રગટે છે, તો પ્રણિધાન અને પ્રવૃત્તિ ઘટતા નથી.

---

१. आसन ज्ञानविमलभक्तिप्रकाश पत्र-१०१

**(ढाळ -३)**

[गाथा] **त्रिविध विघनजय तीजो लहिइ, शुभ आशय गुणधाम ललना।**
**जघन्य मध्यम उत्कृष्ट कहिजइ, विघन ते धर्मथी वाम॥१२॥**

**प्रभु आगम मेरे चित्त वस्यो हो, अहो मेरे ललना, उल्लस्यो सहज स्वभाव।**
**कंटक ज्वर दिगमोह सरिखो, त्रिविध विघन जिम होई।**
**जिम पंथि वांछित पुर गमनै, त्रिहुं जयै कामित होय॥ प्रभु०॥१३॥**

**भव्य पथिक कामिक पुर लहवा, कंटक सम प्रतिकूल।**
**शीतादिक बहु परीसह ज्वर सम, विविध रोगादि अनुकूल॥ प्रभु०॥१४॥**

**मिथ्यात्वादि जनित मन विभ्रम, ते दिगमोह समान।**
**एक एकथी अधिक कहीजईं, तस जये धर्म थिर ठाम॥ प्रभु०॥१५॥**

**धर्मस्थान प्रवृत्तितणुं फल, त्रिविध जये करी थाय।**
**ज्ञानविमल प्रभु नाम कृपाथी, समकित गुण ठहराय॥ प्रभु०॥१६॥**

[अर्थ] આ ઢાળમાં મઝાનો ઉપદેશ આપતા પૂ. સૂરિદેવ કહે છે મારા મનમાં પ્રભુના આગમ વસ્યા છે. મારો સહજ સ્વભાવ ખીલ્યો છે. પ્રભુની કૃપાથી સમકિત ગુણ સ્થિર થયો છે.

ત્રીજી ઢાળમાં પૂ. સૂરિદેવે વિઘ્નજય નામના આશય નું વર્ણન કર્યું છે. જેને કારણે પ્રવૃત્તિ કરતા અધવચ્ચે અટકી જવાય તેને વિઘ્ન કહેવાય છે. તે ત્રણ પ્રકારના છે. કાંટા જેવું વિઘ્ન જઘન્ય કહેવાય. તાવ જેવું વિઘ્ન મધ્યમ કહેવાય. દીશા દિશાભ્રમ જેવું વિઘ્ન ઉત્કૃષ્ટ કહેવાય.

જેમ કોઇ પુરુષ ગામ જતો હોય તેને રસ્તામાં કાંટો વાગે તો તેની ગતિ અટકી જાય તેમ કાંટા જેવુ જઘન્ય વિઘ્ન કહેવાય. જેમ તે પુરુષને રસ્તે ચાલતા તાવ આવી જાય તે મધ્યમ વિઘ્ન કહેવાય. જેમ તે પુરુષ રસ્તો ભૂલી જાય તે ઉત્કૃષ્ટ વિઘ્ન કહેવાય છે

સાધનાના માર્ગે ચાલતા ભવ્ય જીવોને આવા ત્રણ પ્રકારના વિઘ્ન આવે છે. સાધકનું લક્ષ્ય મોક્ષ હોય છે. સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ છે. તે ઉપર ચાલતા સાધક જીવો ને ત્રણ પ્રકારના વિઘ્ન આવે છે.

બહારથી આવતા વિઘ્ન જઘન્ય વિઘ્ન કહેવાય છે. જેમ કે ઠંડી, ગરમી, મચ્છર વગેરે પરીષહો કાંટા જેવા છે. સહનશીલતા કેળવવાથી આ વિઘ્નોને જીતી શકાય છે.

મધ્યમ પ્રકારના વિઘ્નો તાવ જેવા હોય છે. શરીરમાં થતાં રોગો મધ્યમ વિઘ્ન છે. તેનાથી લાંબો સમય સુધી પ્રવૃત્તિમાં રુકાવટ આવે છે. હિતકર આહાર-વિહારના સેવનથી આ પ્રકારના વિઘ્નનો જય થઇ શકે છે.

મિથ્યાત્વ વિગેરેને કારણે થતો ચિત્તભ્રમ ત્રીજા વિઘ્ન સમાન છે. આ વિઘ્નને કારણે લક્ષ્યથી વિપરીત પ્રવૃત્તિ થાય છે. આ ત્રણે એક એકથી ચઢિયાતા છે.

**(ढाळ ४)**

**[गाथा]** **सिद्धि शुभाशय छइं चोथो, जेह अहिंसक भाव ललना।**
**तात्त्विकथी जे धर्ममां, चल सुखि चित्त मल्यावि ललना॥१७॥**

**तुज शासन मुज मन रुचे॥ ए आंकणी**
**तीर्थकल्प जे गुण अधिक जे, प्रवचन वेदी जेह ललना।**
**ते गुरुवादिकने विषइ, भक्ति विनय बहु नेह ललना॥ तुज०॥१८॥**

**स्वप्रतिपन्न धर्मादिकै, निर्गुण अथवा हीन ललना।**
**तेहवानिं दुखित दया, गुण करवा नहीं दीन ललना॥ तुज०॥१९॥**

**पापनिवर्तन निपजे, तेह प्रवर्तन होय ललना।**
**एह अहिंसा तात्त्विकी, अवर अतात्त्विकी जोय ललना॥ तुज०॥२०॥**

**ज्ञानविमल भावे करी, जे वरते निजभाविं ललना।**
**सिद्धि सरूप गुण ते भजे, जाणे सवि परभाविं ललना॥ तुज०॥२१॥**

**[अर्थ]** ચોથી ઢાળમાં પૂ. સૂરિદેવે સિદ્ધિ નામના આશયનું વર્ણન કર્યું છે. ચોથો સિદ્ધિ નામનો આશય છે. સિદ્ધિ નામનો ભાવ પ્રાપ્ત થાય તો ચિત્તમાં આ પ્રકારનાં લક્ષણ પ્રગટે છે.

૧) ધર્મમાં આનંદ આવે છે. તેને કારણે એકાગ્રતા વધે છે.

૨) તીર્થસમાન, અધિકગુણસંપન્ન, પ્રવચનના જાણકાર ગુરુ આદિને વિષે બહુમાનનો ભાવ જાગે છે.

૩) જેઓ પોતે સ્વીકારેલ ધર્મમાં શિથિલ થઇ ગયા હોય તેમની ઉપર, નિર્ગુણ અથવા તો ઓછા ગુણવાળા જીવો ઉપર દયાનો ભાવ જન્મે છે. સિદ્ધિ નામના ભાવનાં આ ત્રણ લક્ષણ છે.

તાત્ત્વિક રૂપે અહિંસક ભાવ જ સિદ્ધિ કહેવાય છે. જેનાથી પાપની નિર્વૃત્તિ થાય એવી પ્રવૃત્તિ અહિંસા કહેવાય છે. જે પ્રવૃત્તિ દ્વારા પાપ અટકતાં નથી તે પ્રવૃત્તિ તાત્ત્વિક રૂપે અહિંસા કહેવાતી નથી. જે વ્યક્તિ પોતાના શુદ્ધ જ્ઞાનથી સ્વ-ભાવમાં વર્તે છે, તમામ બાહ્ય ભાવોને પર ભાવ માને છે તે સિદ્ધિ ગુણ પ્રાપ્ત કરે છે.

**(ढाळ -५, हिडोलनानी)**

[गाथा] **विनियोग नामे जे शुभाशय पांचमो सुणो तेह,**
**सिद्धि उत्तरकाल भावी बहु वार न होइ जेह।**
**व्यंध न होइ जस क्रियागुण अमृतपरि अनुष्ठान,**
**जनम संक्रमणे कदाचित फलत अनुसंधान॥२२॥**

**मनमोहना भवि धारीइ सूधो धर्म।**
**निज तुल्यफल परकरण हेतै, आप कृत व्यापार।**
**विनियोग तेहवो हृदय भाविं, कृत कर्मनो उपगार।**
**निज उपादानै आप पामे, परप्रति गुणकार,**
**अन्योन्य उभय निमित्तभावे, एह शुभगुण सार॥मन०॥२३॥**

[अर्थ] પાંચમી ઢાળમાં પૂ. સૂરિદેવે વિનિયોગ નામના આશયનું વર્ણન કર્યું છે. પાંચમો વિનિયોગ નામનો શુભ આશય સિદ્ધિ નામના આશય પછી જ પ્રગટે છે એટલે જે ગુણ સિદ્ધ થયો હોય તે ગુણનો જ વિનિયોગ થાય છે.

વિનિયોગની ક્રિયા અમૃત જેવી હોય છે. તે ક્યારેય પણ નિષ્ફળ જતી નથી. અર્થાત્ જે ગુણનો વિનિયોગ થાય છે તે ગુણનો નાશ થતો નથી. જન્માંતરમાં પણ તે ગુણ સાથે આવે છે.

વિનિયોગ એટલે પોતાને જે ગુણ પ્રાપ્ત થયો છે તે બીજાને પણ પ્રાપ્ત થાય તેવો પ્રયત્ન કરવો. અર્થાત્ બીજાને પણ પોતાના જેવા સમાન ગુણવાન બનાવવાનો પ્રયત્ન કરવો.

કોઈ પણ કાર્યના બે કારણ હોય છે. ઉપાદાન અને નિમિત્ત. જેમ દૂધ દહીંનું ઉપાદાન કારણ છે અને મેળવણ નિમિત્ત કારણ છે, જીવ કોઈ પણ ગુણ પ્રાપ્ત કરે છે તેનું ઉપાદાન કારણ પોતાનો આત્મા છે. વિનિયોગ નામનો આશય ગુણપ્રાપ્તિનું નિમિત્ત કારણ છે. કોઈ જીવ ગુણનો વિનિયોગ કરે ત્યારે અન્ય જીવ ગુણ પ્રાપ્ત કરે છે અને ગુણ પ્રાપ્ત થાય પછી વિનિયોગ થાય છે. આમ, વિનિયોગ અને સિદ્ધિ પરસ્પરના ઉપકારી છે.

[गाथा] **ए पंचविध शुभ आशयथी, सफल क्रियावृत्ति,**
**एह विना जे द्रव्य किरिया, तुच्छ केकी नृत्य।**
**जिम जिम वधे एकाग्र भावे, तिम तिम वधे गुणश्रेण,**
**शुभाशुभ अनुबंध छोडी, सिद्धि फल अचिरेण॥ मन०॥२४॥**

[अर्थ] આ પાંચેય પ્રકારના શુભ આશયથી ક્રિયા સફળ બને છે. પાંચ પ્રકારના આશય વિનાની દ્રવ્ય ક્રિયા મોરના નૃત્ય જેવી તુચ્છ છે. મોર નાચે ત્યારે પાછળથી ખરાબ દેખાય છે તેમ આશય વિનાની ક્રિયા પરિણામે ખરાબ હોય છે.

પાંચેય પ્રકારના શુભ આશયથી એકાગ્ર ભાવ કેળવાય છે અને જેમ જેમ એકાગ્ર ભાવ વધે છે તેમ તેમ ગુણશ્રેણિ વધે છે. જીવ કર્મના શુભ-અશુભ અનુબંધ છોડીને થોડા જ કાળમાં સિદ્ધિ રૂપી ફળ પામે છે

[गाथा] **अनुबंधथी होइ जो कदाचित, अंतरा[ल] भव कोय,**
**तोहि पणि तस भवसुखोघे मग्नता नवि[१] होइ।**
**अमृतरस आस्वाद जाण्यो, तेह कुभक्त न खाय,**
**कर्म वशिं जो खाइ तो पणि, मने नवि लपटाय॥ मन०॥२५॥**

[अर्थ] પહેલા આયુષ્યનો અનુબંધ થઇ ગયો હોય તો બીજો ભવ થાય છે પરંતુ તે ભવમાં સુખના ઢગલા વચ્ચે મગ્નતા આવતી નથી. જેણે અમૃતરસનો સ્વાદ જાણ્યો હોય તે વાસી અન્ન ખાય નહીં કર્મને કારણે વાસી અન્ન ખાવું પડે તો પણ મનથી તેમાં રાગ કરે નહીં.

[गाथा] **चित्त जनित सुधर्म शुभकृत, अशुभ उपचय हाणि,**
**परमातमा मन एक रूपइ, धर्म तत्त्व प्रमाणि।**
**पुष्टी तुष्टी अनुबंध न होइ, पुन्य पाप विनास,**
**हुइ अचल अजर निकलंक भावइ, सदा तत्त्व प्रकाश॥ मन०॥२६॥**

[अर्थ] ધર્મ ચિત્તમાં જન્મે છે. શુભ ભાવોની વૃદ્ધિ અને અશુભ ભાવોની હાનિને કારણે પરમાત્મા સાથે મનની એકરૂપતા સધાય છે. તે સાચો ધર્મ છે. આ ધર્મ પ્રાપ્ત થતાં પુણ્ય-પાપ ના અનુબંધ તૂટે છે. તેનાથી પુણ્ય-પાપનો વિનાશ થાય છે અને અચલ, અજર, નિષ્કલંક ભાવે આત્મત્ત્વનો પ્રકાશ પ્રાપ્ત થાય છે.

[गाथा] **एह भाव षोडशके भाख्या, तृतीय षोडशकमाहिं,**
**गुरुपारतन्त्रे एह समजो, धरो बुद्धि मनमाहिं।**
**समकित अमृतास्वाद पामी, ज्ञानविमल प्रतीत,**
**करी अर्थ विचार भावो, एह सज्जन रीति॥ मन०॥२७॥**

[अर्थ] આ ભાવ ત્રીજા ષોડષકમાં કહ્યા છે. તેને ગુરુપારતંત્ર્યથી સમજો, મનમાં ધારણ કરો. સમકિત રૂપી અમૃતનો આસ્વાદ પામીને નિર્મલ જ્ઞાનથી પ્રતીતિ કેળવીને તેના અર્થ વિચારો, તે સજ્જનોની પરંપરા છે.

---

१. मग्नताने ज्ञानविमलभक्तिप्रकाश पत्र-१०२

(कळस)

[गाथा] **ए पांच ढाले पंच शुद्धि करी आतम भावना,**
**जिन राजभक्ति रसाल मंजरी ग्रहो भवि जन पावना।**
**जिम ज्ञानविमल प्रभाव महिमा उदय दिनदिन अति घणो,**
**जगमांहिं न घटे सुयश प्रगटे प्रभुतणा गुण इम भणो॥२८॥**

[अर्थ] આ પાંચ ઢાળમાં પાંચેય પ્રકારના શુભ આશયની શુદ્ધિ દ્વારા આત્માની ભાવના કહી છે. તે ભગવાનની ભક્તી રૂપ મંજરી છે. ભવ્યજનો! તેને ગ્રહણ કરો. જેના કારણે દિવસે દિવસે વિશુદ્ધ જ્ઞાન પ્રભાવનો મહિમા વધશે, ઘટશે નહીં, દુનિયામાં યશ મળશે. આ રીતે ભગવાનના ગુણ ગાતા રહો.

श्री उदयविजय रचित

# ॥ज्ञानक्रियासंवाद छत्रीसी॥

# જ્ઞાન-ક્રિયા સંવાદ છત્રીસી

**'ज्ञान-क्रियाभ्यां मोक्षः'** આ સૂત્ર પ્રસિદ્ધ છે. મોક્ષનું કારણ એકલું જ્ઞાન નથી અને એકલી ક્રિયા નથી. બંને એક લક્ષ્યમાં જોડાય ત્યારે કાર્યસાધક બને છે. બંનેનું પોતાનું મહત્ત્વ છે. બંને એકબીજાના પૂરક છે. સ્વતંત્રપણે એકલું જ્ઞાન કે સ્વતંત્રપણે એકલી ક્રિયા વિશેષ ફળ આપતાં નથી. બંને એક સાથે જોડાય તો જ અભિલષિત ફળ આપે છે.

જ્ઞાન અને ક્રિયાની પૂરકતા વિષે ઘણાં શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજના ઘણાં શાસ્ત્રોનો સમારોપ જ્ઞાનક્રિયાના સંવાદથી થયો છે. આગમની નિર્યુક્તિ અને ટીકા પણ જ્ઞાનક્રિયાના માહાત્મ્યની ગાથાથી પૂર્ણ થાય છે. જ્ઞાન અને ક્રિયા એકલા હોય તો અધૂરા છે, પૂરક હોય તો પૂરા બને છે, આ વાત સમજાવવા બંનેને અલગ કરી એકબીજાની સામે દલીલ કરાવવામાં આવે છે. અંતે બંનેના સમન્વયથી મોક્ષ છે, એ વાત દૃઢ રીતે સ્થાપિત થાય છે. સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાયમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજે જ્ઞાનક્રિયાના સંવાદને અલ્પ શબ્દોમાં પ્રભાવી રીતે રજૂ કર્યો છે.

**કહે જ્ઞાનનય જ્ઞાન જ સાચું તે વિણ ખોટી કિરિયા રે,**
**ન લહે રૂપું રૂપું ભણો સિપ ભણી જે ફરિયા રે.**
**કહે ક્રિયા નય કિરિયા વિણ જે જ્ઞાન તેહ શું કરશે રે,**
**જલ પેસી કરપગ ન હલાવે તારૂ તે કિમ તરશે રે.**
**દૂષણ-ભૂષણ છે ઈહાં બહુલાં નય એક એકને વાદે રે,**
**સિદ્ધાંતી તે બેહું પણ સાધે જ્ઞાનવંત અપ્રમાદે રે. . .**

'જ્ઞાનક્રિયા સંવાદ છત્રીસી' જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજની પરંપરામાં આ. શ્રી વિજયસિંહસૂરિજી મહારાજ થયા. તેમના શિષ્ય શ્રીઉદયવિજયજી મહારાજ તેના કર્તા છે. સહેલી ભાષામાં, સરળ દૃષ્ટાંતોનો આધાર લઈ બંને પક્ષોના સંવાદને આમાં રજૂ કરવામાં આવ્યો છે. જ્ઞાનનય ક્રિયાના મહત્ત્વને સ્વીકારવા તૈયાર નથી. તે ક્રિયાને વ્યર્થ સાબિત કરવા પ્રયત્ન કરે છે. તેની દલીલો બુદ્ધિવંતને આકર્ષે તેવી છે. કેવલજ્ઞાન જ્ઞાનસાધનાથી જ મળે છે. જ્ઞાન સદ્‌ગુરુ પાસેથી મળે છે. મોહ જ્ઞાન દ્વારા જ દૂર થાય છે.

**'જ્ઞાન દશા સદ્‌ગુરૂ થૈ જાગઇ**

જ્ઞાનથી જ સઘળા સુખના દરવાજા ખૂલે. આતમના આડે આવેલા કર્મના કમાડ પર લાગેલા તાળાને ખોલવાની ચાવી એક જ છે - જ્ઞાન. જ્ઞાનથી સ્થિરતા મળે છે. અશુભ વિકલ્પો જાગતા નથી. જ્ઞાન મમતાને સમતામાં ફેરવવાનો જાદુ કરે છે. જ્ઞાનથી જ ઉપશમ ભાવ પ્રાપ્ત થાય છે. જ્ઞાન શુદ્ધિભાવનું કારણ છે. અંતરમાં શુદ્ધભાવ જાગે છે ત્યારે આશ્રવ અટકી જાય છે. ઉપશમભાવના વૃક્ષની નીચે બેસીને જ્ઞાન

અમૃતની ધારા વરસતી હોય તો તૃષ્ણા કેમ ન શાંત થાય? જ્ઞાનથી જ આત્માનું દર્શન થાય છે. જ્ઞાનથી જ આત્માના ગુણોનો અનુભવ થાય છે. આત્મ-ગુણદર્શન બે ઘડીમાં કેવલજ્ઞાન આપે છે.

**'અંતરિ મહૂરતિ મઈ શિવ હોવઈ, જે અપના આપહી ગુણ જોવઈ'**

પ્રસન્નચંદ્ર ઋષિ કેટલું કષ્ટ સહન કરતા હતા? છતાં જ્યાં સુધી જ્ઞાન ન થયું, ત્યાં સુધી સાધનાનું ફળ ન મળ્યું. મરુદેવી માતાએ તો એકલા જ્ઞાનના બળે જ મુક્તિ પ્રાપ્ત કરી હતી.

પ્રથમ તેર ગાથામાં જ્ઞાનનયના પક્ષનું મંડાણ છે. ત્યારે પછી ઓગણીસ ગાથામાં ક્રિયાનયની રજૂઆત છે. ક્રિયા વિનાનું એકલું નિષ્ક્રિય જ્ઞાન નિષ્ફળ છે. નૃત્ય કલાનું જ્ઞાન હોય પણ હાથપગ ન હલાવે તો નૃત્યનો આનંદ મળતો નથી. સંગીતના જ્ઞાનથી આનંદ મળતો નથી. આનંદ પ્રાપ્ત કરવા ગળાને તકલીફ આપવી પડે છે. રત્નની પરીક્ષા કરતા આવડે પણ તેની કિંમત ઉપજાવવા પ્રયત્ન બજારમાં જ કરવો પડે. કેવળજ્ઞાન જ્ઞાનથી નહીં ક્રિયાથી મળે છે. જ્યાં સુધી જીવ સર્વ સંવરની ક્રિયા નથી કરતો, ત્યાં સુધી મોક્ષ મળતો નથી. જ્ઞાન ભલે દરેક ગુણને ખોલવાની ચાવી હોય, પણ ચાવી જ્યાં સુધી તાળામાં ભેરવીને ફેરવવામાં ન આવે ત્યાં સુધી ખજાનો ખૂલતો નથી. જ્ઞાનને પોતાના ફળની મંઝિલ સુધી પહોંચાડનાર ક્રિયા જ છે. ચારે ગતિમાં મનુષ્યગતિ શા માટે શ્રેષ્ઠ છે? મનુષ્યગતિમાં ચારિત્ર છે, ક્રિયા છે. જ્ઞાન ચારે ગતિમાં હોઈ શકે. ક્રિયા મનુષ્યગતિમાં છે. ક્રિયાને કારણે જ મનુષ્ય જન્મની કિંમત છે. કેવલી દેશોન પૂર્વ કોડ વરસ વિહરે છે. કેવળજ્ઞાન હોવા છતાં મોક્ષ મળતો નથી. અંતે શૈલેષીકરણની ક્રિયા દ્વારા જ મોક્ષ મળે છે. માટે જ્ઞાન કરતા ક્રિયા એક પગથિયું ઊંચી છે.

**'કિરિયા ઈક સોપનઈ ઉંચી'**

જ્ઞાન હોય પણ વિરતિ રૂપ ક્રિયા ન હોય તો બારમા દેવલોક સુધી જવાય. જ્યારે વ્રત રૂપ ક્રિયા નવમું ગ્રૈવેયક આપે છે.

**'ગ્યાન દશા વ્રત છઈ અપની શક્તિ હો સૂઝઇં'**

ક્રિયા તેને સળગાવવા જેવી છે. ધૂપસળીમાં સુગંધ છે જ, પણ તે સળગે તો જ ફેલાય. આત્માના ગુણોની સુગંધ ક્રિયા દ્વારા જ પ્રગટ થાય છે. ગુરુસેવા હકીકતમાં ક્રિયા જ છે. જ્ઞાન ગુણ તો આત્મામાં પહેલેથી જ છે. જ્ઞાન માટે ગુરુ સેવાની શી જરૂર?

**'લબધિ સુમતિ કી હૈ ઘટમાંહિ, તો કાહૈ ગુરુસેવા ચાહૈં'**

ક્રિયા હોય તો જ જ્ઞાન આવે છે. ક્રિયાથી જ ભાવ જાગે છે. ક્રિયાથી જ ગુણ ખીલે છે. ક્રિયા વિનાનું જ્ઞાન નિષ્ક્રિય અને નિષ્પ્રાણ છે. માષતુષ મુનિ પાસે જરા પણ જ્ઞાન ન હતું છતાં ગુરુસેવાથી જ તેમને કેવળજ્ઞાન મળી ગયું. ક્રિયા મંદ પડેલા ભાવને પ્રબળ બનાવે છે. સામાન્ય ભાવદશાને તીવ્ર કરે છે. ભાવદશા તીવ્ર બને ત્યારે અણધાર્યા ફળ મળે છે.

**તીવ્ર દશા ફલ લેવા લાગઈ.**

અંતમાં બંનેનો સમન્વય કરતા સંવાદકાર કહે છે. જ્ઞાન અને ક્રિયા પરસ્પર સાપેક્ષ છે. હોડી અને હલેસાં જેવો તેમનો સંબંધ છે. હલેસાં વિનાની હોડી નકામી છે, તો હોડી વિનાના હલેસાં વ્યર્થ છે. જ્ઞાન અને ક્રિયા એક સિક્કાની બે બાજુ જેવા છે. બંને હંમેશા સાથે જ હોય છે, પણ એક વખતે એક જ બાજુ દેખાય છે માટે વિસંવાદ જણાય છે. રથને જોડેલા અશ્વની જેમ જ્ઞાન અને ક્રિયા સાથે જ ચાલે છે.

**'વસ્તુગતિ હોઈ જોડાજોડિ.'**

જ્ઞાન શક્તિ સ્વરૂપ છે. તો ક્રિયા તેની સક્રિયતા છે. જ્ઞાન ક્યારેય નિષ્ક્રિય બેસી રહેતું નથી. તે સક્રિય બનવા ક્રિયાનો સહારો લે જ છે. અને ક્રિયા એટલે સક્રિયતા. ક્રિયા જ્ઞાનશક્તિને જાગતી કરે છે.

**'શુદ્ધિ જ્ઞાન જ્યું વ્રત આદરસ્યૈં, વ્રત પણિ ગ્યાન દશા કૂં તરસૈં,**

**અંતરભાવ બાહ્ય કું ચાહૈ, બાહ્યભાવ અંતર અવગાહે'**

આમ, જ્ઞાન નય અને ક્રિયા નય બંનેનો સંવાદ દર્શાવી કૃતિ પૂર્ણ થઈ છે.

આગમોના કે શાસ્ત્રોના વાંચનથી વંચિત રહી જતા શ્રાવક વર્ગ માટે આવી કૃતિઓ ખૂબ જ ઉપયોગી સાબિત થાય તેવી છે. પઠન પાઠન અને વાંચનમાં આ કૃતિઓ ફરી પ્રચલિત કરવા જેવી છે.

પૂર્વે શાસ્ત્રો પ્રાકૃત-સંસ્કૃત ભાષામાં જ રચાતા. મધ્યકાળમાં ગુજરાતી ભાષામાં શાસ્ત્રીય પદાર્થોને રજૂ કરતું સાહિત્ય વિપુલ પ્રમાણમાં રચાયું છે. સંસ્કૃતનો અભ્યુદય કાળ ફરી ન જાગે ત્યાં સુધી શાસ્ત્રના પદાર્થબોધને ટકાવી રાખવા ગુજરાતી ભાષાના પદ્યસાહિત્યનો પ્રસાર વધે તેવો પ્રયત્ન કરવા જેવો છે.

આ સ્તવનની હસ્તપ્રત જૈનશાળા સંસ્થાપિત શ્રીનીતિવિજય હસ્તપ્રતસંગ્રહમાં છે. આ કૃતિ એક જ પાના ઉપર લખાઇ છે. ૧૯ પંક્તિ છે અને દરેક પંક્તિ પર ૫૨ અક્ષર છે. પ્રત સુવાચ્ય છે. લેખક પ્રશસ્તિ નથી. સંપાદન કરતાં અશુદ્ધ જણાતા પાઠ સાથે ( ) કોષ્ટકમાં શુદ્ધ પાઠ દર્શાવ્યા છે. પડી ગયેલા પાઠ [ ] કોષ્ટકમાં જણાવ્યા છે. સંદિગ્ધ પાઠની નીચે અધોરેખા કરી છે.

**-વૈરાગ્યરતિવિજય**

**श्री उदयविजय रचित**

# ॥ज्ञानक्रियासंवाद छत्रीसी॥

**सकलपण्डितशिरोमणिपण्डि(त) श्रीलब्धिसोमगणिगुरुभ्यो नमः॥**

ज्ञानक्रिया नय दोउ है प्रवचन के मंडाण, प्रथमज्ञान के नय कहइ अपनै पक्ख प्रमाण॥१॥

ज्ञान रयण ज्ञान ही सयण ज्ञान ही अनुपम ज्योति(त), ज्ञानरुचके उदयथै केवल तरणि उद्योत॥२॥

(राग-केदारो गोडी)

केवल तरणि उदय तब पावइं, ज्ञानप्रभात समय जब आवइं।
सो मिथ्यामति रजनी विच्छेदै मोहसु जागर जब कछु वेदइं॥१॥

मोहनिंदथै जागो प्राणी, करि कछु संगति सदगुरु ज्ञानी।
ज्ञानदशा सदगुरुथै जागइ, ज्युं तिलवास कुसुमकी लागइं॥२॥
जागि हु प्राणी जागि हु प्राणी॥(आंकणी)

सम्यकज्ञान सकलमुखकुंची, ताथइ शुद्धदशा हुइ उंची।
ज्ञानसुं थिरता रूप जगावइ जयसा अपउवन कमल कहावइ॥३॥

अशुभविकल्पतरंग न हुवइं, लूतातंतु त्यायि न हु गूठइं।
ममता फिर समता गुण लावइं, जैसइं धात हेम गुन पावइं॥४॥

ज्युं अभ्यंतर उवसम जागइ, तब उत्तम पदवी करि लागइं।
बाहिर कष्टि अकष्ट अनंता, रायप्रसन्नचंद दृष्टांता॥५॥

मरुदेवीसु ऋषभजिन माई, गज परि बइठी शिवपद पाई।
कंडरीक-पुंडरीक विचारे, शुद्धदशा थइं काज सुधारे॥६॥

शुद्धभाव जब अंतर जागइं, आश्रव का तब जोर न लागइं।
कुपित गज क्या गिरि का लेवइं?, पाटु गगन कहो कुण देवइ?॥७॥

उपसमतरुकी शीतल छाया, ता परि ज्ञान सुधारस पाया।
संवेग सार तरंगइ भीजइं, कहु क्युं करि तृसना न हु छीजइं?॥८॥

अजब ज्योति अपनी युं आवइं, विश्वभाव अनुकूल ही भावइं।
बाह्य क्रिया डंबर क्युं राचइं?, मोहदशा थइं कर्म निकाचइं॥९॥

प्रथम ज्ञान तब थै अहिंसा, आगमे बोलइ जिन अवतंसा।
ज्ञान विना मणि कक्कर जैसा, वानर करि मणि न लहइं पइसा॥१०॥

जाके पुण्य पाप दोई होवइं, बहुत होइ सो ज्ञानी जोवइं।

पुण्य बहुत तब भोगविलासी जिण पणि राज्य करइ अविनासी॥११॥

भोग विना सो मुगति न चाहइं, भोग्य लही रागादिक चाहइं।
तप प्र(थ)इं पाप होवइं तो धोवइं, नहीतरि वेग(गे) केवलि होवइं॥१२॥

भावभजन विनु व्रत जो पावइं, समय अनंता युंहि कहावइं।
अंतरिमहूरति मइं शिव होवइ, जो अपना आप ही गुण जोवइं॥१३॥

ज्ञान के नय अयसा जब भासइं, तब किरिया नय आप प्रकासइं।
दक्ष नटी न हु नृप संतोषइं, नृत्यकला जो सरस न पोषइं॥१४॥

ज्ञानी तारु पार न पावै, जो निय हस्त न पाउ हलावइं।
ताहुं परीक्षक विनु व्यापारइ, मणिथइं अपनी लच्छि वधारइं॥१५॥

पाचक याचक वाचक सबही, किरिया विनु फल न लहै कबही।
मोदक ज्ञानी तृपति न पावइं, जो उसके मुह मोदक नावइं॥१६॥

ज्ञानीकूँ यतना जिनभाषी, बहु सिद्धांत यांहै(इहां) साखी।
ज्ञानी चारहूं गतिमैं लहीयइं, मानवगति व्रत शिवफल कहीयइं॥१७॥

केवल लबधि होत व्रतयोगइं, सो संपूरण मानव लोगइं।
ज्ञानइके लाइक गुणठाणइं, किरिया देसथइं जिनवर जाणइं॥१८॥

ज्ञान कह्यां युं सकल गुणकुंची, निष्ठारंभइं किरिया उंची (किरीया इक सोपानइं ऊंची)।
देसे ऊणी पूरवकोडी, केवलीयै क्युं सिध्दि न जोडी ?॥१९॥

अतिउत्तम तब ज्ञानी होता, शैलेसी संवर न पहुता।
समय अनंतर शिवपद पावइ, सर्वोत्तम संवर जब आवइ॥२०॥

ज्ञान इकेला अच्युतदेवै, व्रतथइं ग्रैवेयक सुर लेवइं।
ज्ञानदशा व्रतथइं फल आपइं, ज्ञान इकेला क्युं करि थापइं ?॥२१॥

जियके पुन्य कह्या मु(सु)णि सोई, कटक मधुर ऊषध रुज दोई।
कटु यतनइ करि सोऊ अपारा, तिहां उपदेश तणा व्यवहारा॥२२॥

किरिया साखी दियइ तब ज्ञानी(जा), दिन ज्युं वादल रवि छवि जानी।
तरुकोटर जो अगनि न फरसइं, तब शाखा नवपल्लव विकसइं॥२३॥

घटमैं सारसुधारस आवै, रोगातंक सो दूर ही जावइं।
अंतरज्योति बाह्य दिखलावइं, यौवन मदभावादि जगावइं॥२४॥

अब कहइं अंतरज्ञान अवाजइं, सहजइ ही व्रतकादी न भाजै।
सब दृष्टांत इह विधि साधइं, काहे उदयरी व्रत आराधइं॥२५॥

उत्तर शक्ति निमित्त खुलाई [खोलइं] (निमित्तसु लाई), निद्द लहै सुं बोलाया बोलइं ?।
दोहद धूपित तस फल देवइं, वेद जगावत नर त्रिय सेवइं॥२६॥

जलकी सीतलता जलमाहिं, तो भी पवन उदारै प्राहै।
अग्नि अगर परिमल प्रगटावइं, पारद प्रिय तंबोल जगावइं॥२७॥

कुरु बक बकुल बहु दृष्टांता, निमित संयोगइं निय फलवंता।
बुद्धिवंत अभ्यासइं बूझइं, व्रतथइं अपनी शकति ही सूझइं॥२८॥

लबधि सुमति की है घटमाहिं, तो काहे गुरुसेवा चाहै ?।
गुरु(की)सेवा जैसी दीष्या(क्खा) भावषु लावै ताथै शिक्खा॥२९॥

सुद्धज्ञान ज्युं व्रत आग(द)रिसै, व्रत पणि ज्ञानदशाकूं तरसै।
अंतरभाव बाह्यकुं चाहै, बाह्यभाव अंतरि अवगाहै॥३०॥

तीव्रवेद सो संगम कामइं, संगमथै वेदोदय पामइं।
अंतरभाव बाह्यथै जागइं, बाह्यसंग नर उत्तम मागइं॥३१॥

माषतुषादिक व्रतथइ ज्ञानी, ज्ञानीकी तेही व्रतथिति आनी।
मंददशा सुजगाई जागइं, तीव्रदशा फल लेवा लागइं॥३२॥

अन्योन्यैं कारणता दीसइं, समभावइं क्युं दिल न हु हीसइं ?।
वस्तुगति दोऊं जोडाजोडि, हयच्छाया ज्युं होडाहोडि॥३३॥

रुपईया चोभंगी धारे, तिहां निश्चयव्यवहार विचारे।
अडभंगी पिण साची भावे, ज्ञान क्रिया दोऊं मिलि करावइं॥३४॥

एह विचारमैं जस मति राचै, सो समकित दृष्टि मन माचै।
इण परि तत्त विभावो लोगा, जय मंगलमाला नितु भोगा॥३५॥

विजयदेवगुरु के पटधारी, विजयसिंह सदगुरु हितकारी।
उदयविजय दोऊं नय सराहै पक्ख प्रमाण तणा शुभवाहै॥३६॥

**॥इति श्रीज्ञानक्रियासंवाद छत्रीसी संपूर्ण॥**

**॥शुभं भवतु श्री॥**

अज्ञातरचित

# ॥अध्यात्मिक दूहा॥

# અજ્ઞાતરચિત આધ્યાત્મિક દુહા

આ કૃતિ આત્મલક્ષી ઉપદેશ આપે છે. તેમાં આત્માને સંસારનાં બંધનથી મુક્ત થવાનો ઉપદેશ છે. તે માટે વિષય, કષાય, હિંસા, ચોરી, જૂઠ, પરિગ્રહ વગેરે પાપોથી દૂર રહેવાની પ્રેરણા છે. કૃતિ દુહાઓમાં રચાઇ છે. દુહા ગુજરાતી ભાષાનો છંદનો પ્રચલિત પ્રકાર છે. તે સૌરાષ્ટ્ર દેશમાં વધુ પ્રચલિત છે.

આ કૃતિ અપ્રગટ છે. તેની પ્રત ગુજરાતી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, કેનિંગસ્ટ્રીટ કલકત્તાના હસ્તપ્રત સંગ્રહમાં છે તેનો ક્રમ પોથી ૧૯, પ્રતક્રમાંક -૧૧૯૪ છે. એક પત્ર છે. પત્ર પર ૧૩ પંક્તિ છે. પ્રત્યેક પંક્તિ પર ૩૧ અક્ષર છે. પ્રત સુવાચ્ય છે. લેખક પ્રશસ્તિ નથી. ૧૮-૧૯ સદીમાં લખ્યાનું અનુમાન છે. કૃતિનો સામાન્ય અર્થ પ્રસ્તુત છે. આ કૃતિ પ્રતિલેખક દ્વારા અપૂર્ણ રહી હોવાનું જણાય છે.

સા. શ્રીહર્ષરેખાશ્રીજીમ. નાં શિષ્યા
-સા. જિનરત્નાશ્રી

अज्ञातकर्तृक

## ॥आध्यात्मिक दूहा॥

[मूल] **जीव सवे ते आतमा, धर्म कहीजें एह।**
**विषय थकी अलगा रह्या, शिवपुरि पोहता तेह॥१॥**

(अर्थ) બધા જીવ આત્મા છે. ધર્મ એ કહેવાય છે. વિષય થી તેઓ જુદા રહે છે. તે મોક્ષમાં જાય છે. (૧)

[मूल] **इंद्रिय पांचें जीपीई, जीपीइ चार कषाय।**
**राग-द्वेष तिम परीहरो, तो दुःख किम न थाय॥२॥**

(अर्थ) પાંચ ઇંદ્રિયને જીતીએ. ચાર કષાય જીતીએ. રાગ-દ્વેષનો ત્યાગ કરીએ. તો કોઇ પણ રીતે દુઃખ થશે નહીં. (૨)

[मूल] **विलंब म करिउ धर्म करी, आयु नहि विसास।**
**सावधान थाए बापडा, उडी जासे सास॥३॥**

(अर्थ) જીવ તું ધર્મ કરવામાં મોડું ન કર. આયુષ્યનો વિશ્વાસ નથી. બાપડા! તું સાવધાન થઇ જા. શ્વાસ ઊડી જશે. (૩)

[मूल] **छकायमांथी आवीयो, छकायमांहि जाय।**
**छकायने जे राखसी, ते अजरामर थाय॥४॥**

(अर्थ) જીવ છકાયમાંથી આવ્યો છે, છકાયમાં જવાનો છે. જે છકાયની રક્ષા કરે છે તે અજરામર થાય છે. (૪)

[मूल] **तृष्णा वैरिणी आतमा, तृष्णा हुई विनास।**
**तृष्णा मूकीने रह्या, नाव्या गर्भावास॥५॥**

(अर्थ) તૃષ્ણા આત્માની દુશ્મન છે. તૃષ્ણાથી સર્વનાશ થાય છે. જેઓ તૃષ્ણા છોડી દે છે તેઓ ગર્ભાવાસમાં આવતા નથી. (૫)

[मूल] **निद्र म करि रे आतमा, निद्राइं होइं विणास।**
**जाण्या ते नवि छेतर्या, तिणें सुरपुरी कीधो वास॥६॥**

(अर्थ) હે! આત્મા! તું નિદ્રા ન કર. નિદ્રાથી વિનાશ થાય છે. જાગતા માણસો છેતરાતા નથી. તેઓ સ્વર્ગમા વાસ કરે છે. (૬)

[मूल] **मुख रुडुं ते मनुष्यनुं, जे बोलि अमृत वाणी।**
**जिनवाणीइं आतमा, पोंहचीजे निरवाणि॥७॥**

(अर्थ) જે મીઠી વાણી બોલે છે, જે વાણી બોલવાથી મોક્ષમાં પહોંચાય છે તે મનુષ્યનું મુખ સારું કહેવાય છે. જે વાણી બોલવાથી મોક્ષમાં પહોંચાય છે. (૭)

[मूल] **क्रोधे कलमुख ऊपजे, लेस्या विरुई थाय।**
**आवी पोंहचे जेहतलें, मरीने दुरगति जाय॥८॥**

(अर्थ) ક્રોધને કારણે ઝગડો થાય છે, લેશ્યા બગડે છે. ક્રોધથી માણસનું પતન થાય છે, મરીને દુર્ગતિમાં જાય છે (૮)

[मूल] **क्रोधइं काइं न उपरे(जे), अमृत लूसी जाय।**
**खिमा खडग जो संपजइ, तो दुसमन कोई न थाय॥९॥**

(अर्थ) ક્રોધથી કંઇ ઉપજતું નથી, ક્રોધથી અમૃત જતું રહે છે હાથમાં ક્ષમા રૂપી ખડગ હોય તો કોઇ દુશ્મન થતું નથી (૯)

[मूल] **दया न आवी प्राणीया, सत्त न बोल्या जंत।**
**अदत्त आहार लीधा घणा, ते सहसे दुख अनंत॥१०॥**

(अर्थ) પ્રાણીની દયા ન કરી, સાચું ન બોલ્યા, નહીં આપેલા આહાર વગેરે લીધા તે પ્રાણી અનંત દુઃખ સહન કરશે. (૧૦)

[मूल] **पहिल्या तो चेत्यो नहि, चंपांणे स्युं थाय।**
**लू-लू करतो आवीओ, लू-लू करतो जाय॥११॥**

(अर्थ) પહેલા જે જીવ જાગતો નથી મરણ સમયે તેનું શું થાય? જીવ રડતો રડતો આવે છે અને રડતો રડતો જાય છે (૧૧)

[मूल] **तेडुं आव्युं आतमा, जण पाछो नवि जाय।**
**धरम करेवा सांभर्यो, लागे कुओ न खणाय॥१२॥**

(अर्थ) આત્માને મરણનું તેડું આવે છે, તે પાછું જતું નથી. મરણ સમયે જીવને ધર્મ યાદ આવે છે પણ [આગ લાગે ત્યારે] કૂવો ન ખોદાય. (૧૨)

[मूल] **धाडि आवी रे यम तणी, थरथर ध्रूजे जीव।**
**तेणी वेला खमावता, नाहिं शुद्ध शरीर॥१३॥**

(अर्थ) યમની ધાડ આવે ત્યારે જીવ થર થર ધ્રૂજે છે. તે સમયે પાપ ખમાવવાથી શરીર શુદ્ધ થતું નથી. (૧૩)

[मूल] **मांचाथी उतारिओ, धरती कीधो वास।**
**धर्म तो कीधो नहि, जाइं जीव निरास॥१४॥**

(अर्थ) મરણ થતાં જીવને પલંગ પરથી ઉતારવામાં આવે છે, ધરતી પર સુવાડવામાં આવે છે. આમ જીવ ધર્મ કર્યા વિના નિરાશ થઇને પરલોકમાં જાય છે. (૧૪)

[मूल] **धन मेल्युं रे आतमा, कोइ न आव्यो साथ।**
**धर्म {तो} कीजे नहि चालीओ, भूइं पड्या बे हाथ॥१५॥**

(અર્થ) મરણ પછી ધન અહીં જ રહી જાય છે. કોઈ સાથે આવતું નથી. ધર્મ કર્યા વગર જીવ ચાલ્યો જાય છે. તેના બન્ને હાથ હેઠા પડે છે. (૧૫)

[मूल] **अरिहंत देव सुसाधु गुरु, धर्म ते दया विसाल।**
**मंत्र तो नवकारपद, अवर म झंखो आल॥१६॥**

(અર્થ) અરિહંત દેવ છે, સુસાધુ ગુરુ છે, દયા ધર્મ છે. મંત્રમાં શ્રેષ્ઠ નવકાર છે. બાકી બધી ખોટી જંજાળ છે (૧૬)

[मूल] **संतोषि सुखिओ रहे, सदा सुधारस लीन।**
**इंद्रादिक ते आगले, दीसइं दुखिया दीन॥१७॥**

(અર્થ) સંતોષી માણસ સુખી રહે છે. તે સદા સમતામાં મગ્ન હોય છે. તેની સામે ઇંદ્ર વગેરે દેવતાઓ પણ દુઃખી દીન લાગે છે. (૧૭)

[मूल] **परवसता पाछी वलि, गइं दीनता दूर।**
**आस पराइं जब तजी, जिउ झीले सुख पूर॥१८॥**

(અર્થ) પરવશતા પાછી વળી અર્થાત્ દૂર થઈ. દીનતા પણ દૂર થઈ જાય જ્યારે જીવ બીજા ની આશા છોડી દે છે ત્યારે સુખનાં સરોવરમાં સ્નાન કરે છે. (૧૮)

[मूल] **झूरीने झंखर थया, सुख मूके निसास।**
**कामि कामिनी पगि पडइं, आस करइं इम दास॥१९॥**

(અર્થ) આશા જીવને દાસ બનાવે છે. આશા ને પરવશ જીવ નિર્બળ થાય છે. ભોગને કારણે નિસાસા મૂકે છે. કામિની પરવશ જીવ સ્ત્રીને પગે પડે છે. (૧૯)

[मूल] **अगनि आपथी उपजे, तिसना आप ज लाय।**
**आपे आप विचारता, आप ही बुझाय॥२०॥**

(અર્થ) તૃષ્ણા રૂપી અગ્નિ મનમાં જ પેદા થાય છે અને મનને બાળે છે. આપણી જાતને સમજાવીએ તો તૃષ્ણા પોતાની મેળે શાંત થઈ જાય છે. (૨૦)

**૪-૮-૨૦૧૫, મંગલવાર**

**प्राचीन श्रुतसंपदाना समुद्धार अर्थे**
**समुदार सहयोग आपनारा महानुभावोनी नामावली**

**श्रुतसमुद्धारक**
श्रीमती चंद्रकलाबेन सुंदरलाल शेठ परिवार (मांगरोळ हाल-पुणे)

**श्रुतरत्न**
श्री भाईश्री (इंटरनेशनल जैन फाउंडेशन - मुंबई)
स्व.मंजुलाबेन तथा जयंतीलाल गोसालिया, बहेन हेमांगिनीनी स्मृतिमां
राजेश गोसालिया (मांगरोळ हाल-दुबइ)

**श्रुतसंरक्षक**
श्री हसमुखभाई दीपचंदभाई गार्डी (दुबई)

**श्रुतस्तंभ**
पू.सा.श्री हर्षरेखाश्रीजी म.नी प्रेरणाथी श्रीमती वसंतप्रभाबेन कांतिलाल (पुणे)
पू.आ.श्री विश्वकल्याणसू.म.नी प्रेरणाथी श्री पद्ममणि जैन श्वे.मू. ट्रस्ट
पू.आ.श्री राजरत्नसू.म.नी प्रेरणाथी श्री जवाहरनगर श्वेतांबर मूर्तिपूजक जैन संघ (गोरेगाव, मुंबई)

**श्रुतभक्त**
श्री शांतिकनक श्रमणोपासक ट्रस्ट (सुरत)
श्री हसमुखलाल चुनिलाल मोदी चॅरिटेबल ट्रस्ट (तारदेव, मुंबई)
श्री पार्श्वनाथ श्वेतांबर मूर्तिपूजक जैन संघ (मुंबई)

**श्रुतप्रेमी**
श्री गोडीजी टेम्पल ट्रस्ट (पुणे)
श्री गोडीजी टेम्पल ट्रस्ट (पायधुनी-मुंबई)
श्री रतनचंदजी ताराचंदजी परमार (पुणे)
श्री मोहनलालजी गुलाबचंदजी बांठीया (पुणे)
श्री नगराजजी चंदनमलजी गुंदेचा (पुणे)
श्री नेमीचंदजी कचरमलजी जैन (पुणे)
श्री भरतभाई के. शाह (सुयोग ग्रुप-पुणे)
श्री सोहनलालजी टेकचंदजी गुंदेचा (पुणे)
श्री सुखीमलजी भीमराजजी छाजेड (पुणे)
श्री जैन आशापुरी ग्रुप (पुणे)
श्री महेन्द्र पुनातर (मुंबई)

श्री सुधीरभाई चंदुलाल कापडिया (मुंबई)
श्री संजयभाई महेन्द्रजी पुनातर (मुंबई)
प्रो.श्रीमती विमल बाफना (पुणे)
पू.सा.श्री नंदीयशाश्रीजी म.नी प्रेरणाथी श्री आंबावाडी जैन संघ (अहमदाबाद)
श्री गोवालीया टेंक जैन संघ (मुंबई)
श्री मोतीशा लालबाग रिलीजीयस चेरिटेबल ट्रस्ट (भायखला, मुंबई)
श्री ऋषभ अपार्टमेंट महिला मंडल, (प्रार्थना समाजमुंबई)
पू.आ.श्री तीर्थभद्रसू.म.नी प्रेरणाथी
जे. सी. कोठारी देरासर जैन श्वेतांबर मूर्तिपूजक संघ (मलाड, मुंबई)
श्री अशोक कालिदास कोटेचा (अमदावाद)
जैन श्वेतांबर मूर्तिपूजक संघ (दहाणुकरवाडी, कांदीवली, मुंबई)
श्री विमलनाथस्वामी जैन श्वेतांबर मूर्तिपूजक जैन संघ (बिबवेवाडी, पुणे)
श्री मुनिसुव्रतस्वामी श्वेतांबर मूर्तिपूजक जैन संघ (लेकटाउन सो., पुणे)
श्री श्वेतांबर मूर्तिपूजक जैन संघ (सोलापुर बजार,पुणे)
श्री जैन श्वेतांबर मुर्तिपूजक गुजराती पंच (मालेगांव, नाशिक)

**श्रुतोपासक**

श्री अर्थप्राईड जैन संघ (मुंबई)
पू.आ.श्री कलाप्रभसागरसू.म.नी प्रेरणाथी श्री मुलुंड श्वेतांबर मूर्तिपूजक जैन संघ (मुंबई)
पू.मु.श्री जिनरत्नवि.म.नी प्रेरणाथी श्री आदिनाथ सोसायटी जैन संघ (पुणे)
पू.सा.श्री सूर्यमालाश्रीजी म.नी प्रेरणाथी श्री सम्यक् साधना रत्नत्रय आराधक ट्रस्ट (अमदावाद)
पू. उपा. श्री जितेंद्रमुनिजी म.नी प्रेरणाथी श्रीमती सीमा जैन (होशियारपुर, पंजाब)
श्री वर्धमानस्वामी जैन चेरिटेबल ट्रस्ट (सदाशिव पेठ, पुणे)
पू.आ.श्री तीर्थभद्रसू.म.नी प्रेरणाथी मातुश्री कमळाबेन गिरधरलाल वोरा परिवार (खाखरेची-मुंबई)
आयोजित उपधान तप समिति
पू.आ.श्री तीर्थभद्रसू.म.नी प्रेरणाथी मातुश्री मानुबेन माडण गुणसी गडा परिवार
(थोरीयारी- मुंबई) आयोजित उपधान तप समिति

**श्रुतानुरागी**

श्री मुनिसुव्रतस्वामी श्वेतांबर मूर्तिपूजक जैन संघ (फातिमानगर, पुणे)
श्री जैन आत्मानंद सभा (फरिदाबाद-पंजाब)
पू.मु.श्री जिनरत्नवि.म.नी प्रेरणाथी श्रीजिनरत्न आनंद ट्रस्ट
गोत्रीरोड श्वेतांबर मूर्तिपूजक जैन संघ (वडोदरा)
श्री श्वेतांबर मूर्तिपूजक जैन संघ (गोरेगाव, मुंबई)

॥ सुयं मे आउसं ॥

# श्रुत भवन

## પરિચય

૧) કરુણાનિધાન પ્રભુ શ્રી મહાવીરદેવે વિશ્વના હિત માટે જે ઉપદેશ આપ્યો તે ઉપદેશ તેમના શિષ્યોએ સાંભળ્યો અને યાદ રાખ્યો તે જ 'શ્રુત' છે. 'શ્રુત'નો અર્થ છે - 'સાંભળેલું.'

૨) શ્રી મહાવીરદેવના નિર્વાણ પછી કાળના પ્રભાવથી, વિધર્મીઓનાં આક્રમણોથી, અને શક્તિના ક્ષયને કારણે પ્રભુના શબ્દોને યાદ રાખવાનું અઘરું થતું ગયું. શ્રુત ભૂલાવા માંડ્યું.

૩) શ્રુત લુપ્ત થવાની શક્યતાઓ પારખીને આજથી ૧૫૦૦ વર્ષ પહેલાં વાચક વંશના આચાર્ય શ્રી દેવર્ધિગણી ક્ષમાશ્રમણે 'શ્રુત'ને લિપિબદ્ધ કરવાનો પ્રારંભ કર્યો.

૪) શ્રી દેવર્ધિગણી ક્ષમાશ્રમણે માત્ર ઉપલબ્ધ શ્રુત લખવા તે વખતનાં આગમોના પાઠમાં પ્રવેશેલી અશુદ્ધિઓને પણ ઠીક કરી, વિસ્મૃત પાઠોનું પુનરનુસંધાન કર્યું અને આગામોના પ્રમાણિત પાઠોને સ્થાપિત કરી અને પાઠાંતરોને સ્થાન આપ્યું. આ કાર્ય શ્રુતને લખવા કરતાં પણ વધુ મહત્ત્વનું હતું.

૫) શાસ્ત્ર લેખનની શરૂઆત થઈ તેના બે ફાયદા થયા - ૧. જૈન સંઘની જ્ઞાનસંપદા અત્યંત સમૃદ્ધ થઈ ગઈ. ૨. તે પછીના કાળમાં નવાં નવાં શાસ્ત્રોનું સર્જન શરૂ થયું.

૬) એક હજાર વર્ષના કાલખંડમાં લાખોની સંખ્યામાં શ્રુતનું લેખન થયું. આ સમયગાળાને આપણે 'લેખન યુગ' તરીકે ઓળખી શકીએ છીએ.

૭) લેખનયુગમાં બે સમસ્યાઓ ઉત્પન્ન થઈ.

૧. લખાએલાં શાસ્ત્રોમાં મનુષ્યસ્વભાવને કારણે મૂળ પાઠમાં અનેક અશુદ્ધિઓનો પ્રવેશ થયો.

૨. તેને લીધે અર્થનો નિર્ણય કરવામાં મુશ્કેલીઓ ઊભી થવા લાગી.

ઉદા. તરીકે 'પ્રશમરતી' નામના શાસ્ત્રની ટીકામાં એક જગ્યાએ પાઠ છે, **'स्निग्धं पितृघ्नं'** આ પાઠનો અર્થ છે, 'સ્નિગ્ધ આહાર પિતાને મારી નાખે છે' આ પાઠ અર્થની દૃષ્ટિથી અયોગ્ય છે. મુદ્રિત પ્રતમાં અને નવી લખાએલી હસ્તપ્રતમાં પણ આ અશુદ્ધ પાઠ જ જોવા મળે છે. સાત સો વર્ષ પુરાણી તાડપત્ર પર લખાએલી પ્રતમાં શુદ્ધ પાઠ મળે છે, **'स्निग्धं पित्तघ्नम्'** જેનો અર્થ છે 'સ્નિગ્ધ આહાર પિત્તનો નાશ કરે છે' આ અર્થની દૃષ્ટિથી શુદ્ધ પાઠ છે.

એકાદો શબ્દ ઓછો થવાથી પણ અર્થનો અનર્થ થઈ જાય છે. જેમ નવકાર મંત્રમાં **'नमो लोए सव्वसाहूणं'** પદ છે. એનો અર્થ છે 'લોકમાં સર્વ સાધુઓને નમસ્કાર.' પણ આમાં **'सव्व'** માંથી અડધો **'व'** કાઢી નાખવાથી એનો અર્થ થશે, 'સાધુના શબને (મૃતદેહ) નમસ્કાર.'

૮) વિધર્મીઓના આક્રમણને કારણે ઘણાં બધાં લિખિત શાસ્ત્રો નષ્ટ થયાં. બાકી બચેલાં શાસ્ત્રોની સુરક્ષાવ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ. તેથી શાસ્ત્રોની ઉપલબ્ધતાની માહિતી મળવી પણ મુશ્કેલ થઈ ગઈ.

૯) આજથી બસો વર્ષ પૂર્વે 'મુદ્રણયુગ'નો પ્રારંભ થયો. મશીન દ્વારા મોટી સંખ્યામાં શાસ્ત્રો પ્રકાશિત થવા લાગ્યાં. શાસ્ત્રોની પ્રાપ્તિ સરળ અને સહજ થઈ ગઈ.

૧૦) પરંતુ અશુદ્ધિની સમસ્યાનો ઉકેલ આવવાને બદલે કેટલેક અંશે તે વધી ગઈ. મુદ્રણ વખતે નવી અશુદ્ધિઓનો પ્રવેશ થયો. શાસ્ત્રોના અર્થઘટનમાં મુશ્કેલી પડવા લાગી.

૧૧) તજ્જ્ઞ વિદ્વાનોને આ અશુદ્ધિઓ ધ્યાનમાં આવવા લાગી અને તેમણે વ્યક્તિગત સ્તરે દરેક શાસ્ત્રોની મૂળ પ્રાચીન પ્રમાણિત હસ્તપ્રતો જોઈ તેને સુધારવાનો પ્રયાસ કર્યો. સમીક્ષિત સંપાદન પદ્ધતિનો સ્વીકાર અને કાર્યાન્વયન (Implementation) થયું. અત્યાર સુધી બધું મળીને ૫ થી ૧૦ ટકા શાસ્ત્રોનું શુદ્ધ સંપાદન થયું છે.

**૧૨) વર્તમાન શ્રમણપ્રધાન સંઘનું કર્તવ્ય,** ૧. પ્રાચીન શાસ્ત્રોની સુરક્ષાવ્યવસ્થા, ૨. શાસ્ત્રની શુદ્ધ વાચનાનું નિર્ધારણ

૧૩) હસ્તપ્રતોનું રક્ષણ નહીં થાય તો શાસ્ત્રોનો નાશ થઈ જશે. અશુદ્ધ પાઠની પરંપરા જો આમની આમ ચાલશે તો શાસ્ત્ર વિકૃત થઈ જશે અને અર્થનો અનર્થ થઈ જશે.

૧૪) **શ્રુતભવનનું દર્શન (Vision)** - 'સમગ્ર જૈન શાસ્ત્રોની શુદ્ધ વાચના તૈયાર કરવી.'

**૧૫) આ દર્શનને સાકાર કરવા માટે (Mission)**

૧. સમગ્ર જૈન હસ્તપ્રતોનું દસ્તાવેજીકરણ (Documentation)

૨. સમીક્ષિત સંપાદન પદ્ધતિ, ભાષા, તત્ત્વજ્ઞાન, હસ્તપ્રત વિજ્ઞાનની અકાદમીનું નિર્માણ
(દસ વર્ષમાં ૫૦ સમીક્ષક સંપાદક વિદ્વાનો તૈયાર કરવા.)

૩. વર્તમાનમાં અને ભવિષ્યમાં જૈન શાસ્ત્રોની પ્રાસંગિકતા અને ઉપયોગિતાનું પ્રસ્થાપન

૧૬) **પ્રકલ્પ (Projects)**

**૧) શાસ્ત્ર સંશોધન પ્રકલ્પ** - આપણાં અનેક પ્રાચીન શાસ્ત્રો હજી પ્રકાશિત નથી થયાં. અનેક છપાએલાં શાસ્ત્રોનું શુદ્ધિકરણ આવશ્યક છે. 'શ્રુતભવન'માં આ શાસ્ત્રોની સુધારેલી આવૃત્તિ તૈયાર થઈ રહી છે. આ પ્રકલ્પથી આપણાં શાસ્ત્રો શુદ્ધ સ્વરૂપમાં ઉપલબ્ધ થશે.

**૨) વર્ધમાન જિનરત્ન** - જિન શાસનના ઇતિહાસમાં આજ સુધી લખાએલાં બધાં જ શાસ્ત્રોની વિશાળ યાદી તૈયાર કરવી. વર્તમાન જિનરત્નકોશમાં ૧૦ લાખ કરતાં પણ વધારે હસ્તપ્રતોની માહિતી પ્રાપ્ત થશે.

**૩) અભ્યાસવર્ગ પ્રકલ્પ** - શાસ્ત્રોનું સંશોધન એ સહેલું કાર્ય નથી. વિશાળ શાસ્ત્રોના સંશોધન માટે 'કુશળ માનવ સંસાધન' (Skilled Human Resource) આવશ્યક છે. શ્રુતભવને આ બીડું ઝડપ્યું છે. અહીં સંસ્કૃત - પ્રાકૃત લઈ M.A. થએલા વિદ્યાર્થીઓ સંસ્કૃત, પ્રાકૃત અને જૈન તત્ત્વજ્ઞાન તથા લિપિવિદ્યા, સંશોધનવિદ્યાનું શિક્ષણ લઈ રહ્યા છે.

શ્રુતભવનના આ કાર્યમાં અનેક ગચ્છ અને સંપ્રદાયના અનેક આચાર્ય ભગવંતોનું માર્ગદર્શન મળી રહ્યું છે. શ્રુતસમર્પિત અનેક સંસ્થાઓનો સહકાર પણ મળી રહ્યો છે.

૧૭) **ઉપલબ્ધિ** - લગભગ ૧૦,૦૦૦ પત્ર (૧૦૦ શાસ્ત્રો)નું સંપાદન પૂર્ણ થયું છે. - લગભગ ત્રણ લાખ પ્રતોનું દસ્તાવેજીકરણ. - ૧૨ પંડિત તાલીમ હેઠળ છે. - ૮ વિદ્યાર્થી કેટલોગ (કોષ)ની આધુનિક પદ્ધતિથી તાલીમ હેઠળ છે.

૧૮) **આગામી લક્ષ્ય**

**૧) જૈન વાઙ્મયનો વિશ્વકોશ** - સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં રચાયેલ સમગ્ર જૈન કૃતિ અને કૃતિકારોનો પરિચયાત્મક કોશ

**૨) લોકપ્રકાશ** - (કર્તા-ઉપા.શ્રી વિનયવિજયજી મ.સા. રચિત) જૈન વિશ્વકોશ સમાન ગ્રંથનું વિશિષ્ટ સંપાદન.

૩) સમગ્ર જૈન હસ્તપ્રતોનું ડીજીટાઈજ્ડ કોપીના આધારે સૂચિપત્ર

શ્રુતભવનમાં કલાપૂર્ણ જિનમંદિર, શ્રુતદેવતા સરસ્વતીની અત્યંત સુંદર પ્રતિમા, પ્રાચીન પટ, શંખ પર લખાએલું બારસા સૂત્ર વગેરે દર્શનીય છે. શ્રુતભવન એ "શુભાભિલાષા (રીલીજીયસ) ટ્રસ્ટ"ના નામથી પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધણી થયેલી ધાર્મિક સંસ્થા છે.


।। सुयं मे आउसं ।।
श्रुतभवन संशोधन केन्द्र